શ્રી ૧ા.

નવી લેખાવળી.

[ચીઠ્ઠી, કાગળ, અને લેખોના ચાલતી ઢબના નમુના સમજુતી સાથે.]

પાંચમા ધોરણના વિદ્યાર્થીઓના ઉપયોગ સારૂ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
બુકસેલર કરસનદાસ નારણદાસ.

સુરત.
" દેશી મિત્ર " એનજીન પ્રીન્ટીંગ

સને ૧૯૧૦. સં'વ

કીંમત ૦-૩-૦.

ભાગ ૧ લો.

ચીઠ્ઠી અને કાગળો લખવાની સમજુતી.

દરેક ચીઠ્ઠી અને કાગળના ત્રણ ભાગ પડી શકે; આરંભમાં જેનાપર લખ્યું હોય, તેનું નામ, ઠામ, નામની પહેલાંના વિવેકના શબ્દો; જ્યાંથી લખ્યું હોય, તેનું નામ, ઠામ અને ઘટારત વાંચવાના શબ્દો વગેરે મથાળાનો વિવેક મર્યાદાનો ભાગ.

બીજો મુદ્દાનો અથવા ચીઠ્ઠી કે કાગળનો સાર—મતલબનો ભાગ; જે અર્થે ચીઠ્ઠી કે કાગળ લખવામાં આવે, તેનો પૂરો સમાસ એમાંજ થાય છે; ખરૂં જોઇએ તો કાગળ, કલમ ને ખડીઆનો ઉપયોગ એને લીધેજ થાય છે' ચીઠ્ઠી કે કાગળ લખવામાં મુદ્દાનો ભાગ ખામી ભરેલો હોવાથી જે અર્થે તે લખ્યું હોય તે અર્થે પાર પડતો નથી; માટે તે ચોકુખી ભાષામાં અને સામાને ઝટ સમજાય, એ રીતે લખેલો હોવો જોઇએ.

ત્રીજો ભાગ ચીઠ્ઠી કે કાગળનો છેવટનો છે; તે વિવેકનોજ છે. જોઇતું કરતું મંગાવજો; કામકાજ લખજો વગેરે વાકયો એમાં આવે છે.

શિક્ષકે પહેલો અને છેલ્લો ભાગ સારી રીતે શીખવવો જોઇએ, કેમકે વિવેકની રહી ગએલી ખામી મોટી ઉમ્મરે સુધરતી નથી. મુદ્દાનો સાર પાકી ઉમ્મરે દુનિયાનો અનુભવ વધે, તેમ આપો આપ લખતાં આવડે છે; પણ વિવેક અને ભાષાની ખામી સુધરતી નથી; પરીક્ષામાં ચીઠ્ઠી કે કાગળ લખાવે છે તેની ખરી મતલબ એજ છે.

(૧) મથાળાનો પહેલો ભાગ વિવેકનો લખવાનો છે, તેમાં વપરાતા શબ્દો વગેરે.

(अ) પોતાના કરતાં પોતાના વડિલપર[1] ચીઠ્ઠી કે કાગળ લખતાં તેમને મુરબ્બી[2] મેહેરબાન, કૃપાસાગર, સકળ શુભગુણસંપન્ન ઇ. માંથી કોઇપણ વિશેષણ તેમના નામની પહેલાં જોડવું. તેમજ ગુરૂ કે પિતાપર કાગળ લખ્યો, ત્યારે જોડે તીર્થરૂપ[3] શબ્દ પણ જોડવો. વડિલ નાનાને કાગળ લખે, ત્યારે પ્રિયભાઇ એમ લખે, ને દીકરો હોયે, ચી૦[4] ભાઇ એમ લખે, ને પોતાના નામ પહેલાં શુભેચ્છક[5] લખે.

(ब) સરકારી નોકરપર ચીઠ્ઠી લખવામાં તેમણે રાજ્યમાન[6] રાજ્યેશ્રી,[7] અથવા એકલા રાજ્યેશ્રી એમ લખવું.

(क) મિત્રપર કાગળ લખતાં તે વડિલ હોયે પરમસ્નેહીભાઇ અગર એકલા સ્નેહીભાઇ એમ લખવું. પોતાનાથી નાની ઉમરના મિત્રપર લખતાં તેને પ્યારાભાઇ અગર પ્રિયભાઇ એમ લખવું.

(ड) કોઇ અધિકારી કે ઇલકાબી[8] માણસપર ચીઠ્ઠી લખવામાં બનતાં સુધી તેનો દરજ્જો કે ઇલકાબજ લખવો. અને કાગળમાં તે જોડે નામ પણ લખવું. પણ તે મોટા દરજ્જાનો માણસ હોયે, તે પેહેલાં મેહેરબાન શબ્દ ઉમેરવો. જેમકે મેહેર-

---

શબ્દના અર્થની સમજ.

૧ વડિલ–પોતાનાથી મોટા–પિતા, ગુરૂ, મામા, ફુઆ, કાકા, વીગેરે. ૨ મુરબ્બી–મોટા. ૩ તીર્થરૂપ-જાત્રાના ધામ જેવા. ૪ ચી૦–ચીરણજીવી–લાંબી ઉમ્મર સુધી જીવવાવાળો–છોકરો. ૫ શુભેચ્છક–ભલું ચહાનાર. ૬ રાજ્યમાન–રાજ્ય તરફથી જેને માન એટલે ઓધ્ધો, પદવી, નોકરી છે એવો. ૭ રાજ્યેશ્રી–રાજ્ય તરફથી જેને શ્રી એટલે લક્ષ્મી–પૈસા પગાર મળે છે એવો. ૮ ઇલકાબી–જેને સરકાર તરફથી રાવસાહેબ, ખાનબહાદૂર, એવો ઇલકાબ મળેલો હોય એવો.

ખાન ખાનસાહેબ, મે. રાવસાહેબ, મામલતદાર સાહેબ, મે. મુનસફ સાહેબ, મે. એડિટર સાહેબ, વગેરે.

(ई) બ્રાહ્મણપર ચીઠ્ઠી કે, કાગળ લખતાં તેના નામ પહેલાં પંડયા. ત્રિપાઠી,[1] ત્રવાડી,[2] વેદમૂર્તિ, શુકલ, ભટ્ટ,[3] યાજ્ઞિક વગેરે વગેરે—તેમની અટકના શબ્દો લખવા હાલના ભણેલા યુનિવર્સિટીના[5] પંડિતોને એમ. એ. બી. એ વગેરે શબ્દોની તેમની ડિગ્રી[6] તેમને જોડવામાં આવે છે, પણ તે તેમનાં નામ પછી લખાય છે. જેમ રા. ભીમભાઇ જીવણજી એમ એ; રા. માધવલાલ હરીલાલ બી. એ. વગેરે.

(फ) વાણીઆપર ચીઠ્ઠી કે કાગળ લખવામાં તેના નામ પહેલાં પરી૦[7] શેઠ૦ શા.[8] વગેરે શબ્દો લખાય છે; તેમ પારસીને પણ શેઠ કે શેઠજી ફલાણા એમ લખાય છે. તેમની અટક હોય અને તે લખવી જરૂર હોય તો પાછળ આવે છે ભાટીઆ કે લવાણાને[9] ઠા. ૧૦ એટલે ઠક્કર લખાય છે. કણબી, કોળીને પટેલ, પાટીદાર લખાય છે.

(ग) મુસલમાનમાં પઠાણને ખાં, શેખ ને શેખ સૈયદ ને સૈયદ અગર મીર, ને મોગલને મીરજાં લખાય છે.

(ह) સાહેબ લોકને કાગળ કે ચીઠ્ઠી લખતાં મેહેરબાન શબ્દ લખી

---

૧ ત્રિપાઠી—ત્રણે પાઠ જેને મોઢે છે એવો. ૨ ત્રવાડી—ત્રિવેદી, જેને ત્રણે વેદ મોઢે છે એવો. ૩ ભટ્ટ—અસલના વખતમાં મોટા સંસ્કૃત વિદ્વાનને એ પદ્ધી મળતી, ૪ યાજ્ઞિક—યજ્ઞની ક્રિયા કરાવવાનું જે ભણેલો છે એવો. ૫ યુનિવર્સિટી—પાટશાળા, ૬ ડિગ્રી—હોદ્દો. ૭ પરી—પારેખ, રૂપીઆ પારખનાર. ૮ શા૦—શાહ, શાહુકાર. ૯ લવાણા—મુંબાઇમાં કચ્છી વેપારીની ન્યાત છે. ૧૦ ઠા૦—ઠક્કર ઠાકોર, તાલુકદાર.

તેના નામનો પહેલો અક્ષર લખી તેની અટક પૂરી લખ્યા બાદ છેવટ એસ્કવાયર એમ લખાય છે. જેમ મેહેરબાન ટી. સી. હોપ એસ્કવાયર વગેરે.

(आइ)પોતાની સ્ત્રીને કાગળ લખે તેને 'અખંડ શોભાગ્યવતી' એમ લખવું. વિધવા સ્ત્રીને કાગળ લખતાં 'ગંગા સ્વરૂપ' એ શબ્દ નામ પહેલાં જોડવો.

ઉપર મુજબ પરમસ્નેહીભાઇ, મુરબ્બીભાઇ, રાજ્યમાન રાજ્યેશ્રી, શેઠજી, પરી૦, શા૦, મેહેરબાન ફલાણા, પંડ્યાજી[1] કે પટેલ ફલાણા વગેરે વગેરે લખી, તેની જોડે તેનું નામ લખી ચીઠ્ઠી લખવાનો આરંભ કરવો; બાદ બીજી લીટીમાં છેવટ ઠેકાણુમાં મુ. એટલે મુકામ ફલાણો એમ લખવો. કાગળમાં ઉપર મુજબ માણસનું નામ અને તેની પહેલાં વિવેકના શબ્દ આવે, તે પહેલાં જે ગામે કે શેહેરે કાગળ લખ્યો હોય તેનું નામ આવે; અને તેની પહેલાં તે જો મોટું શહેર હોયે, "મહાશુભસ્થાને"[2] એવો શબ્દ આવે, તેમ જે માણસપર કાગળ લખ્યો હોય, તે પિતા કે ગુરૂ જેવા પૂજ્ય[3] હોયે તેમના નામ પહેલાં 'પૂજ્યારાધે' એ શબ્દ આવે, વળી કાગળના આરંભમાં શુભ ચિન્હ તરીકે 'સ્વસ્તિશ્રી'[4] અગર 'સદાહેતકારી'[5] એ શબ્દો જે સ્થળે કાગળ લખ્યો હોય, તે સ્થળના નામ પહેલાં આવે છે.

એ રીતે જેનાપર ચીઠ્ઠી કે કાગળ લખ્યો હોય, તેનું વિવેક સહિત નામ ને ઠેકાણું લખ્યા પછી ચિઠ્ઠીમાં બીજી લીટીના આરંભમાં– જત[6] લખવાનું કે, વિનંતિ કે,' 'સલામ દીગર[7] અરજ કે'

---

૧ પંડ્યાજી–પંડિતજી બ્રાહ્મણની અટક છે. ૧ મહાશુભસ્થાને–મોટે સારે ઠેકાણે. ૩ પૂજ્યારાધે–પૂજાને આરાધના કરવા યોગ્ય તે. ૪ સ્વસ્તિશ્રી –સારૂં થાઓ, ૫ સદા હેતકારી–હમેશાં હેત કરનારૂં. ૬ જત–બીજું, વિશેષ. ૭ દીગર–બીજું–સાથે.

'સલામ સાથે નમ્રતાપૂર્વક [1] લખવાનું કે' વગૈરે વગેરે વાક્યો જેવો પ્રસંગ તે મુજબ લખાય છે, અને કાગળ જેનાપર લખ્યો હોય તેનું સ્થળ ને નામ આવ્યા પછી તુરત 'એતાનશ્રી[2]' અથવા પસ્તે અથવા જોગશ્રી' અથવા 'જોગ લી[3].' એમાંના હરકોઇ શબ્દ લખ્યા પછી જે સ્થળથી કાગળ લખ્યો હોય, તે સ્થળનું નામ અને લખનારનું નામ, વિવેક સહિત લખવું જોઇએ, લખનાર નાનો માણુસ હોયે પોતે 'આજ્ઞાંકિત[4]' અથવા તાબેદાર સેવક દાસાનુદાસ, સદાસ્મરણ કરનાર, દર્શનાભિલાષી વગેરેમાંથી હરકોઇ શબ્દ પોતાના નામની પહેલાં જોડે છે. એમ લખે, અને જેનાપર લખ્યો હોય તે બહુજ પૂજ્ય વડિલ હોય પોતે ચર્ણરજ[5] કિંકર 'સેવક' એમ લખે; તથા લખનાર વડિલ હોયે–શુભેચ્છક મામા, કાકા, ઇત્યાદિ જે સગપણ હોય, તે લખી જોડે પોતાનું નામ લખે.

ઉપરની હકીકત લખ્યા પછી ખરો વિવેક જે દર્શાવવાનો[6] છે. તે એ લખનારના 'ફુલાણુા' વાંચવા. 'ફુલાણુા' વાંચવા એ જગ્યાએ શું બોલ લખવો, તે વિષે ઘણા જુદા જુદા શબ્દો છે; તેમાંના મુખ્ય નીચે લખ્યા છે.

સરકારી નોકરોને તેમજ મુસલમાન પારશી વગેરેને કાગળ લખતાં લખનાર પોતાની સલામ વાંચવી એમ લખે છે.

હિંદુ તેમાં વિશેષે કરીને બ્રાહ્મણ વર્ગમાં પોતાના વડિલોને કાગળો લખતાં લખનાર પોતાના પ્રણામ[7] અથવા દંડવંત[8] પ્રણામ

---

૧ નમ્રતાપૂર્વક–કાલાવાલા સાથે. ૨ એતાનશ્રી–આ તરફનું સારૂં ફુલાણી જગ્યાથી. ૩ લી–લખતંગ–લખનાર. ૪ આજ્ઞાંકિત–આજ્ઞા પ્રમાણે ચાલનારો, તાબેદાર. ૫ ચર્ણરજ કિંકર–પગની ધૂળ બરાબર સેવક. ૬ દર્શાવવું–બતાવવું ૭ પ્રણામ–નમવું તે. ૮ દંડવત્–લાકડીની પેઠે વાંકા વળ્યાની માફક.

વાંચવા એમ લખે છે. ગુરૂ કે પિતાને સાષ્ટાંગ[1] દંડવત્ પ્રણામ વાંચવા એમ લખે છે. મોટા પોતાનાથી નાનાને કાગળ લખે ત્યારે લખનાર પોતાના આશિર્વાદ[2] કે આશીશ વાંચવા એમ લખે છે. બ્રાહ્મણ હિંદુની તમામ કોમોમાં પોતાને શ્રેષ્ટ ગણેછે, માટે પોતે પોતાનાથી નાની ઉમરના પોતાની જ્ઞાતિના અગર અન્ય જ્ઞાતિના તમામ વયના કે દરજ્જાના માણુસોને કાગળ લખતાં પોતાના 'આશિર્વાદ' કે આશિષ વાંચવા એમજ લખે તે. વહેવાઇને 'નમસ્કાર' વાંચવા એમ લખેછે. વાણીઆ પોતાની જ્ઞાતિમાં કે અન્ય[3] જ્ઞાતિમાં કાગળ લખતાં લખનાર પોતાના 'જુવાર.' જેગોપાળ, શ્રીકૃષ્ણ, એમાંના હરકોઇ બોલ વાંચવા, એમ લખે છે. બ્રાહ્મણને લખે, ત્યારે દંડવત્ કે પાય લાગણું લખે છે.

કોળી કણબી વગેરે જ્ઞાતિમાં 'રામરામ' વાંચવા એમ લખે છે, એ ઉપરાંત જયમહાદેવ, જેસાતારામ, જેનારાયણ, જેબંદગી, વગેરે વાંચવા એવા બોલો અમુક પંથ કે ધર્મના લોક લખે છે, મિત્રને લખતાં ઘટારત કે યથાયોગ્ય[4] વાંચવા. એમ લખાય છે. ચીઠ્ઠીમાં ઉપરના બોલ તેમજ લખનારનું નામ, ને ઠેકાણું છેક છેવટ ચીઠ્ઠી પૂરી થયે નીચેના ભાગમાં ટુંકાણુમાં લખવામાં આવે છે. ઠેકાણાની જોડે તારીખ કે મીતિ[5] ટુંકાણુમાં લખાય છે, અને કાગળમાં લખનારનું નામ ને ધામ તથા તેનું કુશળ વાંચવું એ બોલ આરંભના વિવેકના ભાગમાં આવે છે, એટલે છેવટ ફક્ત મીતિ, માસ, ને સંવત અગર ઇંગ્રેજી તારીખ, માસ, ને સન લખવામાં આવે છે.

૧ સાષ્ટાંગ—આઠે અંગ સહિત છેક ભોંય પડીને. ૨ આશિરવાદ કલ્યાણ વાચક શબ્દ. ૩ અન્ય—બીજી. ૪ યથા યોગ્ય—જે પ્રમાણે ઘટે તે મુજબ. ૫ મીતિ—તીથિ.

ચીઠ્ઠી કે કાગળનો વચલો ભાગ એટલે તે લખવાનો મુદ્દો.

શિક્ષકે ચીઠ્ઠી કે કાગળ લખાવવામાં શું મતલબઅસર તે લખવાનું છે, તે મતલબ ટુંકામાં કહેવી જોઇએ, વિદ્યાર્થીઓને કાગળ કે ચીઠ્ઠી લખાવતાં એ મુખ્ય મતલબપર શિક્ષકે ધ્યાન આપવાનું છે એક મતલબ એ છે કે નાના બાળકોને કાંઇક નીતિનો બોધ મળે, અને તેમની વૃત્તિ [૧] સુમાર્ગે વળે, એવો સાર આવે, તે રીતના લખાવવા. જેમકે પોતાના મિત્રપર કાગળ લખતાં તેમાં કેળવણી લેવાના ફાયદા, અગર કરજ કરવાથી થતાં નુકશાન વગેરે ટુંકામાં વર્ણવે, [૨] તે એવી મતલબના કાગળ છે અને બીજા વ્યવહારી કાગળો—સંસારમાં જનવ્યવહારમાં અનેક મતલબસર કાગળો લખાય છે, તેમાંની હરકોઇ મતલબ આવે, એવા કાગળ લખાવવા; વેપારી કાગળ લખતાં માલ મંગાવવા, પરદેશના ભાવ મંગાવવા વગેરે કાગળ લખે છે; નોકર તરીકે પરદેશ ગયેલા, માણુસપર કાગળ લખતાં પોતાની ખબર અંતર વગેરે લખે, અને સામાની નોકરીની હકીકત, શરિરસ્થિતિ વગેરે સામાન્ય બાબતો પૂછે. કારીગર પોતાના ધંધાને લગતાં ઓજારો, સંચા વગેરે મંગાવવા, લખે. પંડિતો અનેક વિષયના વાદવિવાદમાં[૩] કે વિદ્યાના વિનોદમાં[૪] કાગળો લખે ધર્મજિજ્ઞાસુઓ[૫] ધર્મની ચર્ચાઓ વર્ણવે,[૬] ખેડૂત પોતાની ખેતીની ઉપયોગની

---

૧ વૃત્તિ—વળણ, કામ કરવાની મરજી. ૨ વર્ણવે—બ્યાન કરે, લખે. ૩ વાદવિવાદ—તકરારી વાત, ૪ વિનોદ—ગમતની વાત, ૫ જિજ્ઞાસુ—જ્ઞાનની ઈચ્છા રાખનાર. ૬ ચર્ચા—વાત—વિષય.

વસ્તુઓ મંગાવવા કે ખેતીમાં નીપજેલા પદાર્થો વેચતા ઇ૦ સંબંધે લખે-વગેરે અનેક મતલબસર કાગળ લખાય છે. તેમાંની દર-રોજ જુદી જુદી મતલબ આવે, એવા વ્યવહારી કાગળો-લખવાનો મહાવરો વધારે પડે, એમ કાળજી રાખવી; વિશેષે કરીને વર્ગના છોકરા જે જ્ઞાતિ કે ધંધાના હોય, તે જ્ઞાતિ કે ધંધાને લગતા કાગળો લખાવવાનો મહાવરો કરાવ્યાથી છોકરાને રમૂજ જોડે જ્ઞાન મળશે.

ચીઠ્ઠી કે કાગળ લખતાં છેવટનો ભાગ.

કામકાજ લખજો, જોઇતું કરતું મંગાવજો, ખોદા,[1] તમારૂં ભલું કરો. આ તરફ પધારજો[2] એકવાર લખ્યું તે અનેકવાર કરી માનજો, સીધાવો ત્યારે પ્રત્યક્ષ[3] દર્શન લાભ આપશો; વગેરે વગેરે વિવેકના વાક્ય પ્રસંગ મુજબ લખવા જોઇએ.

ઉપરના વાક્યો પહેલાં સ્વાભાવિક વાત અકસ્માત[4] બની હોય તે લખવી. જેમ વરસાદ કેટલો પડયો, રૂતુ કેવી ચાલે છે; માંદગીનું જોર કેમ છે; ઉષ્ણુતા માપક[5] યંત્રમાં પારો કેટલે ચડે છે. વગેરે વગેરે.

વળી ન્યાત-જાત મેળા વગેરે પ્રસંગિક[6] બનાવો વિષે પણ એક બે વાક્યો કાગળમાં આવવાં જોઇએ, પોતાની ન્યાત જાત કે સગાવહાલામાં કોઇનું મરણુ થયું હોય. તે કે કોઇને ત્યાં લગ્ન ઇત્યાદીનો મોટો હર્ષોત્સવ[7] હોય, તે પણ લખવું. એથી વાંચનારને

---

૧ ખોદા-પરમેશ્વર ૨ પધારજો-આવજો. ૩ પ્રત્યક્ષદર્શન-ખરેખર રૂપે દેખાવું તે. ૪ અકસ્માત-એકાએક, એકદમ. ૫ ઉષ્ણુતામાપક યંત્ર-ગરમીનો શીશી. ૬ પ્રસંગિક-વખતે વખત બનાવતા, ૭ હર્ષોત્સવ-હરખનો ઓચ્છવ, ઉમંગનો દિવસ.

સામી જગ્યા, ત્યાંના લોક વગેરેનો ખરો[1] ચિતાર આવી આનંદ થાય છે; અને દૂરનું મળવું પત્રવડે છે, એમ જે લખાય છે, તે ખરૂં ઠરે છે. ઉપરની બંન્નો બાબતો મુદ્દાના ભાગ નીચે લખવી. દસ્કત[2] કોના છે. તે તથા મીતિ છેવટ લખાય છે.

[નમુનો ૧ લો.]

શ્રી ૧ા.

મુરબ્બી શ્રી રામચંદ્રભાઇ.

વિનંતિ કે, ગઇકાલે રાત્રે આપણે વાત થઇ હતી, તે મુજબ ચી૦ છોટાલાલ જોડે દાંતનું મંજન થોડું મોકલ્યું છે; તેનો દાતણ કરતી વખતે રોજ ઉપયોગ કરતા રહેશો. એટલે તમારા દાંતે કળતર થાય છે, તે મટી આરામ થશે. એજ તા૦ ૨૪-૨-૧૦.

લી. તાબેદાર કૃષ્ણારામના પ્રણામ વાંચશો.

[સૂચના તથા અર્થ—નામપરથી જોતાં ખાત્રી થાય છે કે, ચીઠ્ઠી બ્રાહ્મણ વર્ગમાં પોતાના વડિલપર લખી છે, માટે તેમને મુરબ્બી અને પોતાને તાબેદાર લખ્યો છે. તેમ લખનારના "પ્રણામ" પણ લખ્યા છે. મંજન-દાંત સાફ કરવાનો ભૂકો. કળતર-દુઃખાવો.]

[નમુનો ૨ જો.]

પ્રિયભાઇ કૃષ્ણારામ.

આશિર્વાદ સાથે લખવાનું કે તમોએ મારા દાંત કળતા હતા,

---

1 ચિતાર--આબેહુબ વિચાર. 1 દસ્કત--અક્ષર.

તે જાણી તમે દાંતનું મંજન મોકલ્યું, માટે તમારો મારાપર ઉપકાર થયો છે; ઇશ્વર કરે, મને એથી આરામ થશે તા. સદર

લી. રામચંદ્રના આશિર્વાદ.

[ઉપરની ચીઠ્ઠીનો જવાબછે. કળતા–દુઃખતા, સદર–તેજ ઉપરની]

[નમુનો ૩ જો.]

શેઠજી પ્રેમચંદભાઈ જોગ.

જત લખવાનું કે ચીઠ્ઠી લાવનાર અમારા ગુમાસ્તા નાનચંદ સાથે રૂ. ૧૫૧, અંકે એકસો એકાવન કલદાર અમારા નામે લખી જરૂર મોકલશો.

હુંડી એક મુંબાઇ મધ્યે શા. કેશરીચંદ ભાણાભાઇ ઉપરની રાખ્યાવાળા દેશાઇ વશનજી લલુભાઇની અમદાવાદથી આવેલી જોડે મોકલી છે, તે બજાર ભાવે વટાવી રૂપીઆ અમારા ખાતે જમા કરજો. દા. કહાનદાસના છે. મીતિ મહા શુદ ૧૩ સંવત ૧૯૫૬

લી. શેઠ દોરાબજી મંચેરજી ટાટાની સલામ વાંચજો.

[કલદાર=પોળીઆં નામે=ઉધાર બાજુએ. રાખ્યાવાળા=હુંડી કરાવનાર માણુસ. બજાર ભાવે=બજારમાં તે દિવસે જે ભાવ ઉપજે તે. વેપારી વર્ગમાં લખાતી ચીઠ્ઠીનો એ નમુનો છે.

[નમુનો ૪ થો]

મહેરબાન ડૉકટર સાહેબ.

સુરત, નવાપરા.

સલામ સાથે નમ્રતા પૂર્વક લખવાનું કે, તમારી ગઇકાલની દવાથી અમારી માતુશ્રીને ઝાડાની હાજત કમી થઇ છે; પણ કફનું જોર નરમ પડયું નથી; રોજના કરતાં દમ વિશેષ ચાલે છે; અને આખી રાત એ મુજબ ચાલે, સવાર સુધીનો અમને ભરોસો રહેતો

નથી; સબબ તરિફ લઇ ઘર સુધી આવી જશો; આવવાનું નજ બને તો છેવટ દમ અને પેટનો ઉછાળો નરમ પડે, એવી દવા મોકલશો; અને સવારમાં સાત કલાક અવ્વલ જરૂર પધારશો. તા. ૧૧-૪-૧૦ વાર રવેઉ.

લી૦ રાંદેરથી શેઠ ઇશ્વરદાસ જગજીવનદાસ ની સલામ વાંચશો.

[ઝાડાની હાજત=ઝાડો થયાં કરતો હતો તે, અવ્વલ=પહેલાં.]

[નમુનો ૫ મો.]

પટેલ. ઉકા જેરામ.
ડુંગરી.

ખજૂડીથી લી. પટેલ રામા કલાના રામ રામ વાંચજો બીજુ લખવાનું કે દુબળા નાણીઆને મોકલ્યો છે, તે જોડે રસની ગાગર પૂરી ભરી આપજો; તેમજ શેરડીના કકડા પાંચ આપજો. મારી માની વરસી છે; તેમાં ખીર કરવા રસની જરૂર છે; માટે ગાગર પૂરી ભરી આપજો-જરૂર-દુબળાને ફેરો પડે નહીં; અમારો કોલુ ફરવાને હજુ પંદર દિવસ વાર છે, તેથી તમારે ત્યાં માણસ મોકલવું પડયું છે, તે માફ કરશો. મીતિ માગશર વદ ૪ સંવત ૧૯૬૪.

લી૦ પટેલ રામા કલાની વતી તેના છોકરા દુલભ રામાના રામ રામ વાંચજો.

ડુંગરી, ખજૂડી, સુરત જીલ્લાના વલસાડ તાલુકામાં નાનાં ગામડાં છે. રસ-શેરડીનો રસ. વરસી-માણસ મરી જવાને વરસ દહાડો થાય ત્યારે તે મીતિએ જુજ ખર્ચ કરે છે તે. કોલુ-શેરડી પીલવાનો સંચો. ખીર-અડધો રસ અને અડધું દૂધ ઉકાળી માંહે ચોખા નાંખે છે, તેને ખીર કહે છે.

કોળી વગેરે લોકોમાં લખાતી બ્યવહારી ઢબની એ ચીઠ્ઠી છે.

[નમુનો ૬ ઠો.]

સદા મુરબ્બી તીર્થરૂપ પિતા ગૌરીશંકર ઉદેશંકરજી.

મુકામ મહુવા.

લી. ભાવનગરથી ચર્ણરજ કિંકર તન મનીશંકરના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ વાંચશો. અત્રે ખુશી છે. વિશેષ આપે મુંબાઇથી સંધ્યાનો સરસામાન વગેરે મંગાવ્યો હતો, તે પૈકી દર્ભની સાહડીનો વીંટો વગેરે આવેલી ચીજો આપણા ઘરના જયકૃષ્ણ જોડે મોકલી છે, તે પહોંચશે. આપના શરીરની સ્થિતિ વગેરેની ખબર પાંચ દિવસ થયાં નથી, તે લખશો; અત્રે અમે સહકુટુંબ સર્વ આનંદમાં છીએ; નારાયણની કૃપાથી તમો એમજ હશો. માગસર સુદ ૨ ને વાર સોમે સંવત ૧૯૫૬.

લી. આપનો સદાનો આજ્ઞાંકિત તન મનીશંકરના

સાષ્ટાંગ દંડવત્ વાંચશો.

[આ ચીઠ્ઠી પિતાપર લખી છે, માટે તેમને તીર્થરૂપ લખ્યા છે; અને લખનારે પોતાને ચર્ણરજ કિંકરનું વિશેષણ લગાડયું છે.]

સદા મુરબ્બી—હમેશાંના મોટા. સંધ્યા—બ્રાહ્મણ પરબ્રહ્મનું ધ્યાન ધરે છે, તે વખતે જે ક્રિયા કરે છે તે. પૈકિ—મધ્યેથી. દર્ભ—દાભડો; એક જાતનું ઘાસ છે, કે જેને બ્રાહ્મણ લોકો પવિત્ર માને છે. સ્થિતિ—હાલત; તનદુરસ્તી. સહકુટુંબ—બૈરાં છોકરાં સાથે, કુટુંબ સહિત. નારાયણ—પરમેશ્વર.

[નમુનો ૭ મો.]

સહી ચી૦ પ્રિયભાઇ વલ્લભરામ.

મુકામ વાડાસીનોર.

લી. ડાકોરથી શુભેચ્છક બ્રહ્માનંદજી સ્વામીના આશિર્વાદ વાંચશો. અમે ખુશી છીએ; તમારો પત્ર માગસર શુદ ૨ ની મીતિનો લખેલો મળ્યો; વાંચીને આનંદ થયો; એજ પ્રમાણે લખતા રહેશો; કેમકે દૂરનું મળવું પત્ર વડેજ થાય છે, એમ તમે સારી પેઠે જાણો છો. વિશેષ મારી તબીએત હાલ સારી ચાલે છે. ગિરનારપર છેલ્લી શરદ્ઋતુમાં મને જે તાવ આવ્યો હતો, અને શરીર લેવાઇ ગયું હતું, તે કેટલેક અંશે મટી ગયું છે; ને આરામ છે, તમો ગોધ્રા સુધી આવી ગયા, તે પ્રત્યક્ષ દર્શન ન થયું, એ વાસ્તવિક નહી; પણ હવે પત્ર આવવાથી શાતા વળી છે. વિશેષ હજુ હું એક માસ અત્રે રહેવા ધારૂં છું. તે દરમીઆન બને તો આવી જશો; મૃગ કંવા વ્યાઘ્ર ચર્મ મળી આવે લેતા આવશો; ચી. બાલુ વગેરે મારી જોડે સારી પેઠે છે. તમો સઘળા એ તરફ સારી પેઠે હશો. કામકાજ લખશો. મીતિ માગશર સુદ ૧૦ સં. ૧૯૪૯

લી૦ સ્વામિ બ્રહ્માનંદજી તરફથી માણેકલાલના જે-ગોપાળ વાંચશો.

શરદઋતુ=અશ્વન—કારતક માસ. લેવાઇ ગયું હતું=નબળું પડી ગયું હતું. અંશે=દરજ્જે ભાગે પ્રત્યક્ષ દર્શન=જાતે આવવું જવું તે વાસ્તવિક=વાજબી, ખરૂં. શાતા=ટાઢક, નિરાત. મૃગ=હરણ. વ્યાઘ્ર=વાઘ ચર્મ=ચામડું. આ કાગળ ગુરૂ બ્રહ્માનંદજીએ પોતાના શિષ્ય વલભરામપર, વણિક જ્ઞાતિના પોતાના શિષ્ય માણેકલાલ પાસે લખાવ્યો છે.

[નમુનો ૮ મો]

સુરત તારીખ ૫-૬-૧૦

પરમ સ્નેહી રાજ્યમાન રાજ્યેશ્રી ગુણવંતલાલ,

આપનો તારીખ ૧ લીનો પત્ર પહોંચ્યો, ભાઇ છોટાલાલ આ-જરોજ સવારે એકસકર્ઝન ટ્રેનમાં સુખ રૂપ પહોંચ્યા છે તેમને માટે બનતી ગોઠવણુ કરી કરી છે. કામકાજ લખશો.

અમે સૌ ખુશી આનંદમાં છીએ, આપના કુશળ સમાચાર ભાઇ છોટાલાલે કહ્યા તે જાણી ખુશી થયા છીએ.

લી૦ નમ્રસેવક

ધીરજલાલના જય મહાદેવ વાંચશો.

[નમુનો ૯ મો.]

અખંડ શૌભાગ્યવતી વહાલી બેન સરસ્વતી,

વિનંતિ કે આજરોજ મારી માતુશ્રીએ ઘરનાં જરૂરી કામમાં રોકવાથી મારાથી શાળામાં અવાશે નહી, તેથી મારી રજા ગણાશો.

તારીખ ૧૦-૬-૧૯૧૦

લી૦ ચર્ણરજ કિંકરી લલિતાનું પાયલાગણું વાંચશો.

બીજા નમુનાઓ

મેહરબાન માસ્તર સાહેબ રણછોડજી ગુલાબભાઇ.

વિનંતિ કે આજ સવારથી મારૂં માથું દુઃખે છે, તેથી નિશા-ળે આવી શકું તેમ નથી, માટે કૃપા કરી મારી માંદગીની રજા ગણશોજી.

તારીખ ૧૦-૩-૧૯૧૦

લી૦ આપનો આજ્ઞાંકિત વિદ્યાર્થી

ઠાકોરદાસ મનસુખલાલ.

પ્રિયભાઇ ભાઇશંકર

આ ચીઠ્ઠી લાવનાર સાથે ચંદ્રકાન્ત ભાગ પહેલો જરૂરા જરૂર મોકલાવશો, અને નળાખ્યાન, બૃહતકાવ્યદોહન, કરણઘેલો, સતીમંડળ, નર્મગદ્ય મળી મોકલેલી પાંચ ચોપડીઓ સંભાળી લેશો તા. ૨-૫-૧૦

તમારો સ્નેહી છોટેલાલ મનસુખલાલ.

પરમ સ્નેહી શાન્તિલાલ,

પ્રિય બન્ધુ ! આજે સાંજના પાંચ વાગતાં રા. રા. છગનલાલ ઠાકોરદાસ મોદી હુન્નરશાળામાં વિદ્યાર્થી પ્રત્યે મેહતાજીના, રાજા પ્રત્યે રૈયતના, પતિ પ્રત્યે પત્નિના અને પિતા પ્રત્યે પુત્રના શા શા ધર્મ છે તે બાબત જાહેર ભાષણ આપવાના છે; તો ફુરસદ મેળવી જરૂરા જરૂર આવશો. તા૦ ૩૧ મી જાન્યુવારી ૧૯૧૦

દા. શુદ્ધ પ્રેમી,

પાણાભાઇ મોતીભાઇના પ્રણામ.

ભાઇ શ્રી શાન્તિલાલ.

બન્ધુ ! આપનાથી કોઇ કારણને લીધે ગઇ કાલે હુન્નરશાળામાં આવી ન શકાયું, પરંતુ મોદી સાહેબે મેહતાજીના વિદ્યાર્થી પ્રત્યે શા શા ધર્મ છે તે બાબત એવું ખુબી ભરેલું અસરકારક ભાષણ આપ્યું કે તે જોઇને હજારો માણસો ફીદા ફીદા થઇ ગયા ! આહા ! વિદ્યાનો શો પ્રભાવ છે ? ખરેખર ! ધનવાન કરતાં વિદ્યાવાન વધારે પૂજાય છે, એ ખોટું નથી. તા. ૨૭ ફેબ્રુવારી ૧૯૧૦

લી૦ આપના દર્શનનો અભિલાષી.

પાણાભાઇ મોતીભાઇ

મુરબ્બીભાઇ હીરાલાલ,

વિનંતિ કે, આ ઉનાળાની રજામાં કોઇ પણ શાળોપયોગી નીતિની ચોપડી વાંચવાની મારા શિક્ષકે મને ભલામણ કરી છે. મારી પાસે તે જાતની ચોપડી નથી. જો આપની પાસે તે હોય તો આ ચીઠ્ઠી લાવનાર સાથે મોકલવા કૃપા કરશો. હું તે વાંચીને તરત પાછી મોકલીશ.

તા. ૧ જુન ૧૯૧૦ આપનો નમ્ર સેવક.

નાનાલાલ ચીમનલાલ.

પ્રિયભાઇ નાનાલાલ,

તમારા શિક્ષકે શાળોપયોગી નીતિ ગ્રંથ વાંચવાની તમને ભલામણ કરી છે, એ જાણી હું ઘણો ખુશી થયો છું. તમારી ચીઠ્ઠી લાવનાર સાથે તમને એ ચોપડી મોકલું છું. જો તમે કાળજીપૂર્વક વાંચશો અને તેમાં લખેલી શીખામણો પ્રમાણે ચાલશો તો ભવિષ્યમાં તમને મોટો લાભ થશે. તા૦ ૧-૬-૧૯૧૦

શુભેચ્છક,

હીરાલાલ.

શ્રી ૧૧.

સ્વસ્તિ શ્રી મુંબઇ બંદરે મહાશુભસ્થાને પૂજ્યા રાધે અનેક સર્વે શુભોપમા જોગ રાજ્યમાન રાજ્યેશ્રી પરમ દયાળ મુરબ્બી શ્રી શેઠજી ગોવરધનદાસ ગોકળદાસજી પરતે સુરતથી લી. વીશાલાડ જ્ઞાતિના રંક શેવક ગિરધરલાલ મોટાભાઇ મોદીની નમ્રતા પૂર્વક

સલામ આપ નામદારની પવિત્ર સેવામાં અંગીકાર કરશોજી. શેઠજી પરમકૃપાળુ પ્રભુ પાસે ખરા અંતઃકરણથી આપની કુશળતા ચાહી આપને ખોળે માથું મૂકી એક અરજ ગુજારૂં છું, તે દયાળુ અંતઃકરણે મારી ગરીબાઇ તરફ નીધા પહોંચાડી જરૂર સ્વિકારશો. મુરબ્બી શ્રી આપના ઉદાર પિતા શેઠ ગોકળદાસ તેજપાળના નામે જે બોર્ડિંગ હાઉસ આજ પર્યંત આપના શ્રેય આશ્રય હેઠળ ચાલ્યું જાય છે, તેમાં દાખલ થઇ અંગ્રેજી ભાષાનું ઉચ્ચું જ્ઞાન મેળવવાની મારી ખાયશ છે, હું હાલ અત્રેની હાઇસ્કૂલમાં ફિફ્થ સ્ટાન્ડર્ડનો અભ્યાસ કરૂં છું. મારા પિતા વર્ષ દહાડો થયાં ગુજરી ગયા છે; તે ટુંક વર્ષાસનમાં કાપડીઆને ત્યાં ગુમાસ્તી કરી ગુજારો ચલાવતા. એટલે તેમની પાછળ ઉપજીવિકાનું કાંઇ સાધન મૂકી ગયા ન હોવાથી મારી માતુશ્રી ઘરમાં રહી થતી મજૂરી કરી પરાકાષ્ટે ગુજારો નીભાવે છે. શેઠજી એવી સ્થિતિ હોવાથી લાચારીએ અરજ ગુજારી છે. સારૂં અંગ્રેજી ભણ્યા વગર રેલવે કે ગવર્મેન્ટ નોકરી હવે મળી શકતી નથી; તેમ મોટા વેપારીની પેઢીમાં પણ કોઇ રાખે નહીં; તેમજ એ આપણા રાજ કર્ત્તાની ભાષા છે. આગલા વખતમાં મુત્સદ્દી વર્ગના લોકો જેમ ફારસી ભણી સરકાર દરબારમાં દાખલ થતા, તેમ રાજકિય વર્ગ જોડે હળવા મળવાનો ફક્ત એટલો એકજ રસ્તો છે, કે હાલના લોકોએ સારૂં અંગ્રેજી ભણવું; વળી સાંભળવા મુજબ એ ભાષામાં વિદ્યા, હુન્નર, કાવ્યને જ્ઞાનના ઉંચા ગ્રંથો છે, તે સઘળાનો લાભ પણ તેથી લેવાય—વગેરે વગેરે અગણિત લાભ એ ભાષા ભણવામાં છે, એમ મનમાં સચોટ લાગવાથી હરકોઇ ઉપાયે અંગ્રેજી પૂરો અભ્યાસ કરી યુનુવર્સિટીની કોઇ ડીગ્રી મેળવવી, એ-

મ મારા મનમાં તર્કવિતર્ક ઉઠયાં કરવાથી પત્ર લખ્યો છે. શેઠજી અંગ્રેજી ભણવાથી હું રોજગારે લાગીશ કે જેથી મારી જીંદગી પર્યંતનો આપનો આભારી થઇશ. કલાસમાં મારો નંબર પહેલો બીજો રહે છે. આપના તરફનો જવાબ મળે, અને હું મારી છેલ્લી પરીક્ષાનો માર્કવાર દાખલો અને મારા માસ્તરનું મારી ચાલ વિષે સર્ટિફિકેટ જરૂર હોયે મોકલી આપીશ. ટુંકામાં એજ વિનંતી છે કે બોર્ડિંગમાં દાખલ કરી મારી ઇચ્છા પાર પાડો કે જેથી હું પરમકૃપાળુ સ્વયંભૂ આપને લાંબુ આયુષ્ય બક્ષી આપના ઉદાર પિતાના નામની અમર કીર્તિ જાદે ફેલાવે, એવું સદા તેની પાસે માગતો રહીશ; તથાસ્તુ, તારીખ. ૧૮—૧૨—૯૯.

મુઃ. સુરત બેગમપરૂં—ખાંગડશેરી.

શુભોપમા=શુભ+ઉપમા=સારી ઉપમા. પરમ=મોટી અંગીકાર =કબૂલ પૂર્વક=ભરેલી સાથે. કુશળતા=સુખાકારી બોર્ડિંગ હાઉસ= છોકરાઓને ખાવા પીવા ભણવા વગેરેનું સાધન મળે એવો મુકામ. ખાયશ=ઇચ્છા હાઇસ્કૂલ=મોટી અંગ્રેજી ભણવાની નિશાળ. ફિફ્થ સ્ટાન્ડર્ડ=પાંચમું ધોરણ. ઉપજીવિકા=ગુજારો. પેઢી વખાર મુત્સદ્દી= ભણેલા લોક, સરકારી નોકરી કરતા લોક, રાજક્રિય=રાજ કરનારા. સચોટ=પાકું. યુનિવર્સિટી=ડિગ્રી આપવાની જગ્યા; પાઠશાળા. ડિગ્રી હોદ્દો. માનની પદ્દી, બી. એ. એમ. એ. એલ, એલ. બી; વગેરે, તર્કવિતર્ક=સારા માઠા વિચાર, સર્ટિફિકેટ=ખાત્રી પત્રક. સ્વયંભૂ=પોતાના તેજથીજ પ્રકાશ પામનાર. પરમાત્મા. બક્ષી=આપી, માર્કવાર દોકડા સાથે, તથાસ્તુ=તથા+અસ્તુ=તે પ્રમાણે થાઓ.

પુત્રનો પિતા ઉપરનો પત્ર.

સ્વસ્તિ શ્રી સુરત બંદરે શીર છત્ર તીર્થરૂપ પિતા છબીલદાસ જેકીસનદાસ પરતે મુંબઇથી આજ્ઞાંકિત નમ્ર સેવક ધીરજલાલ છબીલદાસ દંડવત પ્રણામ વાંચશો. હું અત્રે સુખરૂપ આવી પહોંચ્યો છું અને ગિરગામ બેકરોડ પર માધવદાસ રૂધનાથદાસના બંગલામાં રા. માધવજી સોલિસિટર સાહેબને ત્યાં ઉતર્યો છું. તેઓ તેમજ એમનાં ઘરનાં માણસ સારાં મલતાવડાં જણાય છે, હું પરીક્ષા આપવાની જગ્યા તથા મારો નંબર જોઇ આવ્યો છું. ચાર દિવસમાં પરીક્ષા પૂરી થયા પછી હાઇ કોર્ટ સેક્રેટેરિયેટ, ટાઉન હોલ, રાજાબાઇ ટાવર વગેરે પ્રસિદ્ધ મકાનો, તેમજ બોરી બંદરનું રેલવે સ્ટેશન, એકાદ ગોદી અને તેમાની આગબોટ જોઇ આવીશ. વળી માધવ બાગ તેમજ ચોપાટીની જગ્યાને વાલકેશ્વર તેમજ રાણીનો બાગ વગેરે જોવામાં પરીક્ષા વીત્યા પછી ૪–૫ દિવસ ગાળીશ. બેન સવિતાને મળતો આવીશ. એજ કામકાજ લખશો. મારી ફિકર કરશો નહિ. મુરબ્બી કાકાજી તેમજ મારી માતુશ્રીને મારા દંડવત્ પ્રણામ કહેશો. તારીખ ૧૪–૬–૧૯૧૦ વાર મંગળે લખ્યો છે.

સ્વસ્તિ શ્રી મુંબઇ મધ્યે ચીરંજીવી ધીરજલાલ છબીલદાસ પરતે સુરતથી શુભેચ્છક છબીલદાસ જેકીસનદાસના આશીરવાદ વાંચશો. અત્રે ખુશી છેં. તમારો તા. ૧૪મી મંગળવારનો પત્ર મળ્યો તે વાંચી આનંદ થયો, એજ પ્રમાણે લખતા રહેજો, પરીક્ષામાં ગભરાશો નહિ. નિરાંતે મન ઠેરવીને સ્વસ્થ ચિત્તે સવાલના જવાબ આપશો. સવાલપત્રક પૂરું વાંચી ગયા પછી જે પ્રશ્નો સહેલા લાગે તેના જવાબ તુર્ત લખી કાઢવા, બાદ વિચારીને લખવા જેવા હોય તે લખવા. લખી રહયા પછી થોડો વખત બાકી હોય તેટલામાં ક્રમવાર

ગોઠવી ફરી તપાશી જોવા. તમો સમજુ છો એટલે હવે વધારે લખતો નથી. મુંબઇમાં તમે પ્રસિદ્ધ જગ્યા જોવા જાઓ ત્યારે જાણીતા માણસ જોડે જજો. માધવજી શેઠ તેવી ગોઠવણ કરી આપશે. ટ્રામનો જોગ ન હોય તેવે સ્થળે ગાડી ભાડે કરી લેજો. બેન સવિતાને સેજ સાંજે મળી આવજો, અને ચી. ભાણાની તબિયત કેવી છે તે સમાચાર લખજો,

તમો આવો તે પહેલાં મને કાગળ બીજો લખજો. અત્રે સૌ સારી પેઠે છે. તમારા કાકાએ આશીરવાદ લખાવ્યા છે. આજરોજ સવારમાં વાદળ ચઢી આવી વર્ષાદની શરૂઆત થઇ છે. લગભગ ૨૦–૨૫ દોકડા વર્ષાદ પડયો છે. આકાશમાં ઘેરાવો કાયમ છે. મુંબઇમાં વર્ષાદ પાણી કેવાં છે તે લખજો. એજ તારીખ ૧૬–૬–૧૯૧૦ વાર ગુરૂએ લખ્યો છે.

શ્રી ૧।.

સ્વસ્તિ શ્રી સુરત બંદરે શા. કહાનદાસ રાજારામ; પરતે ગોવા બંદરથી લી. રા. રંગરાવ કૃષ્ણદાડેકરના જેગોપાળ વાંચજો; અત્રે સૌ ખુશી છે. બીજું પડાઉ ૧ એક, ટંડેલ હીરા ગોરનવાળા મધ્યે ડાંગર ખાંડી ૧૧ાા સાડા અગ્યાર તથા ચોખાની ગુણો ૨૦ વીશ ભરીને વૈશાખ સુદ ૧ ને વાર ભોમેનું રવાના કર્યું છે, અને તેજ મીતિએ તમને ટપાલમાં કાગળ લખ્યો છે; તેને લગભગ એક મહિનો થવા આવ્યો, છતાં તમારો જવાબ આવ્યો નથી; અને વહાણ પહોચ્યું કે નહીં, તે કાંઇ માલૂમ પડતું નથી, ફિકર ઘણી થાય છે; વાસ્તે આ કાગળ પહોંચતા વાર તુરત જવાબ લખજો. ભૂલશો નહીં. ભાતના નમુના જોઇ ભાવ સાથે કાગળ લખજો, ત-

મારા તરફ હાલ લગનસરા છે; તેથી ચોખાનું ધરાક જોઇ તેનો પણ નિકાલ કરજો. અત્રે હવે ચોમાસાની શરૂઆતનો પવન ફુંકવા માંડ્યો છે, અને વહાણો બંદર બંધાઇ ચૂક્યાં છે; એજ મીતિ વૈશાખ વદ ૭ ને વાર રવેઊ.

આ કાગળ વેપારી વર્ગનો ટુંકામાં વ્યવહારી રૂપે છે.

પડાઉ=નાનું વહાણ; ટંડેલ=વહાણનો ઉપરી, ખારવો. ફુંકાવા=વાવા, ભોમ=સંગળવાર.

સ્વસ્તિ શ્રી મહુવા બંદરે મહાસુભસ્થાને પૂજ્યારાધ્યે સર્વે શુભોપમા જોગ શા૦ વંદ્રાવનદાસ તુળસીદાસ પરતે સુરતથી શા૦ ઇશ્વરદાસ જગજીવનદાસ સ્ટોરના જયગોપાળ વાંચશો. જત અત્રે કુશળ છે. તમારી કુસળતાનો પત્ર ૧ મહા વદ ૨ ની મીતિનો લખેલો આવ્યો તે વાંચી સમાચાર સર્વે જાણ્યા. બીજું તમારી વતી નીચેની વિગતનો માલ ખરીદીને ટંડેલ જેરામ પીરભાઇના બતેલામાં આજ રોજ રવાના કર્યો છે.

ચોખા કોલમના ખાંડી ૫૧ ઉંચી જાતના
ચોખા સાળીઆના ખાંડી ૨૧ હલકી જાતના
દાળ તુવેરની ખાંડી ૩ વીણેલી ઉંચી જાતની
દાળ તુવેરની ખાંડી ૫ વગર વીણેલી હલકી જાતની

એણી વિગતે માલ મોકલ્યો છે. તેનું ભરતિયું એક બે દિવસ પછી બીડીશું. કામકાજ લખશો. મીતિ ૧૯૫૭ના મહા વદ ૭ ને ગુરૂએ લખ્યો છે. દા૦ મેહેતા વનમાળીદાસના છે.

શ્રી ૧।

સ્વસ્તિ શ્રી રાજકોટ મહાસુભસ્થાને પૂજ્યારાધે સર્વે શુભોપમા જોગ મોદી જેકીસનદાસ ગોરધનદાસ, પરતે સુરતથી લી૦ સેવક દિનશાહજી ભીખાજી ખાનની કુંપનીની કૃપા સલામ વાંચજોજી. અત્રે ખુશી છે. બીજું તમારા તરફથી કાગળ શુદ ૮ વાર બુધનો તથા ફાગણ વદ ૪ વાર શુક્રનો લખેલો મળી બે કાગળ ટપાલ મારફતે આવ્યા, તે અમને પહોચ્યા છે, વાંચી સમાચાર સર્વ જાણ્યા છે, વળી એજ રીતે લખતા રહેજો.

બીજું તમારા માટે દાળ તુવેરની ગાલી ૩ ત્રણ રૂ ૪૭) સુડતાળીશના ભાવે તમારા કાગળ મુજબ લેવી કરી છે; તે દાળ સારી રીતે વીણાવી સાફ કરાવી ગુણોમાં ભરી રેલવે મારફત થોડા દિવસમાં મોકલી આપીશું. તાકીદથી મોકલી આપશું તે જાણજો. બીજું આ તરફ ખાનદેશ તરફના નવા ઘઉંની આવક થવા માંડી છે, થોડા દિવસ પછી દર ખાંડીના રૂ. ૨૪) ચોવીશને આશરે ભાવ નીકળવા ધારીએ છીએ, પછીની વાત સાહેબ જાણે. હાંસોટીનો પાક નરમ છે એટલે ભાવ વધશે. એમ લાગે છે, અને તેને નિકળતાં હજુ એક માસ બરાબર લાગશે. તમારા તરફ અત્રેના ઘઉં પોષાતા હોય તો લખજો. ભાવમાં ઘટાડો થયે વળી લખી જણાવીશું; એજ કામકાજ લખજો, જોઇતું કરતું મંગાવજો મીતિ માગશર વદ ૨, સં. ૧૯૬૬. અંગ્રેજી તા૦ ૭-૧૦-૯૫.

દા. મહેતા બાલમુકુંદદાસ મકનદાસના જેગોપાળ વાંચજો.

મોદી=વાણીઆ લોકની અટક છે.
કુંપની=વેપારીની મંડળી.
સાહેબ=પરમેશ્વર

આવક થવા માંડી=આવવા શરૂ થયા છે.
હાંસોટી ઘઉં=અંકલેશ્વર, હાંસોટ ને ઓરપાડ તાલુકામાં પાકતા ઘઉં.

શ્રી ૧૧.

સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભસ્થાને રા. રા. પરમસ્નેહી ભાઇ મુરબ્બી ગંગાશંકર નરોત્તમ, પરતે મુંબઇથી આજ્ઞાંકિત પ્રાણગોવિંદ નરોત્તમના દંડવત પ્રણામ વાંચશો. અમે ખુશી છીએ. વિશેષ આપણી માતુશ્રીના અણધાર્યા મરણનો શોક યુક્ત પત્ર ગઇ ટપાલમાં તમારા તરફથી આવ્યો, તે વાંચી ભારે દીલગીરી થઇ. જગતમાં માતા સમાન બીજું કોઇજ નિકટનું સગું નથી, અને તે માતા આ પણે ખોઇ; અરે દૈવ શું થશે ! ખરે ! બગડનાર વસ્તુ બગડી, ઇશ્વરી ચલણ આગળ આપણો ઉપાય નથી; પણ જે વાત માણસ પોતે જાણી જોઇ કરે છે, તેમાં ઇશ્વરને આરોપ લાવવો, એ મારી સમજ પ્રમાણે વાજબી નથી. તમોએ માતુશ્રીની ઉત્તરક્રિયાના પ્રસંગપર રૂ ૬૦૦) છસેં સુધી ખરચ થાશે, એમ લખ્યું તેમાં રૂ. ૨૦૦) સુધીની સવડતા છે, અને બાકી માટે શાહુકારને ત્યાંથી લગભગ ચૌદ આનાની તેરીખ સુધીના ઘર ગીરો મૂકી કાઢવા પડશે, એમ લખ્યું તેથી મારો જીવ બહુજ નારાજ છે, અને હું હજારો વિચારમાં ગરકાવ થાઊં છું. મુરબ્બી ભાઇ, તમો સંસારી બીજા માણસો જેવાં અભણ હોત, અને જુના ચાલ મુજબ ગાડું હાંકતા હો, ત્યારે મારાથી ના કહેવાત નહીં. પણ જ્યારે તમે આપણી જ્ઞાતિના સુધારામાં આગળ પડતો ભાગ લ્યો, બીજાઓને બોધ આપો, ને આપણે ઘેર આવેલા પ્રસંગે ધારો તોડી લોકમાં ફિટકાર થવાની ધાસ્તિયે કરજ કરી વરો કરવા તૈયાર થાઓ, એ મારે તમારી કાલેજની કેળવણીપર આફરીન થવાનું છે. મુરબ્બી શ્રી આપ વયે ને જ્ઞાને વધારેછો એટલે વધારે લખી શકતો નથી; છતાં ટુંકમાં

એજ વિનંતિ કરૂં છું કે કરજ કરવાથી વ્યાજ વધ્યું જશે, ત્યારે આપણી શી ફજેતી ? ભાડાના ઘરમાં આપણું વાસણ કુટુંબ છોડી લઇ જવાં પડશે, એ દહાડાની ફિકર તમે કેમ રાખતા નથી ? આપણી કમાઇ ક્યાં છે કે આપણે મુદ્દલ ઝટ વાળવાના કે જેથી વ્યાજના ઘોડા ન દોડશે. માટે જે કરજ વાળવાની આપણી શક્તિ નથી તે કરજ કરવાની મારી તદન સલાહ કે મરજી નથી; અને હું તમને ચોકખું લખું છું કે, ઘર ગીરો મૂકવાનો જે દસ્તાવેજ થશે, તેપર હું કદી મારી સમ્મતિ આપી મતુ કરનાર નથીજ. જે રૂ ૨૦૦) ની સવડતા વિષે તમે લખ્યું તે, ને રૂ ૫૦) સુધી મારી પાસે છે, તે હું લેતો આવીશ તેટલામાં વિધિસર સાંગોપાંગ કરી બ્રાહ્મણ, આપણું કુટુંબને સગાંવહાલાં જમાડી આવેલા દિવસને વીતાડવો. લાખું કરવામાં સાર નથી. કહેવત છે કે "વ્યવહાર ઉછીનો છે," ઘણું થશે તો જેમને ત્યાં આપણું નોતર ન મૂકીશું. તેઓ આપણે ત્યાં ન મૂકશે, તો તે વધારે સારૂં છે. આપણે બંને સદા બહાર રહીએ છીએ. ને ઘર આગળ ક્યાં સાત પાંચ રહે છે કે જમ્યા વગર તેઓ હીજરાવાનાં છે. માટે ભાઈ જરૂર મારા લખવા મુજબ ઠરાવ રાખી તેટલીજ તૈયારી રાખજો. હું આવતા સોમવારે મેલમાં આવીશ ચી. રામાનંદને જોડે લાવીશ. સ્ટેશનપર કોઇ માણસને મોકલજો. એજ તા. ૧૭-૧૨-૯૯.

સૂચના ને અર્થ—

આ કાગળ ભણેલા બે ભાઇ વચ્ચે કરજ કરી વરો ન કરવાની મતલબ વિષે છે.

શોકયુક્ત=દીલગીરી ભરેલો. દૈવ=પ્રારબ્ધ-નશીબ. ઉત્તરક્રિયા= મરી ગયલાંની પાછળ દિવસ પાણી વગેરેનો ખરચ કરે છે તે.

ગરકાવ થાઉં છું=ઉંડો ઉતરૂં છું. ચીલો=ધરેડ-રસ્તો; રિવાજ. આફરીન થવું=અજાયબી પામી દીલગીર થવું. જપ્તી કરાવવી=કોરટના સિપાઇએ આવી કબજો લેવો તે. સમ્મતિ=સરખો મત. મતુ=દસ્તાવેજ લખી આપનારની તેના ખરાપણા બાબતની નીચે સહી. વિધિસાર=રીત મુજબ. સાંગોપાંગ=બધું બરાબર રીતે. મેલ=ટપાલ લઇ જનારી ઉતાવળે ચાલનારી ગાડી.

સ્વસ્તિ શ્રી મુંબઇ બંદરે અખંડ સૌભાગ્યવતી મુરબ્બી સ્નેહ સાગર માતુશ્રી મહાલક્ષ્મી પરતે સુરતથી આજ્ઞાંકિત દાસાનુદાસ ચર્ણરજ કિંકરી ડાહીગવરીનું પાયલાગણું વાંચશો. માતુશ્રી, તમો અત્રે મને વનિતાવિશ્રામમાં મુકી ગયાં તે સારૂં કર્યું છે. અત્રે મારો અભ્યાસ વધારવાનું મને ઠીક પડે છે. ગુજરાતી વાંચતાં મને હવે સારૂં આવડે છે, તે જોડે સંસ્કૃત શીખવા માંડયું છે, એટલે આગળ જતાં વિષ્ણુસહસ્ત્ર, રવિવાર વગેરેના પાઠ વાંચતાં શીખીશ. એ ઉપરાંત વખત મળે તેમાં ભરત ભરતાં, શીવતાં, ગૂંથતાં શીખું છું. મારી તબિયત સારી રહે છે. મોટાભાઇને મારા પ્રણામ કહેશો. ને પત્રનો જવાબ લખશો. મીતિ પોસ સુદ ૫ સંવત ૧૯૬૬ વાર રવિએ લખ્યો છે.

અશુભ છે.

(લૂગડાં ઉતારી વાંચજો.)

સદા હેતકારી ગામ અથામાં મધ્યે ભટ્ટ દામોદરભાઇ ઇશ્વરદાસ, પરતે નડીઆદથી પંડ્યા હરીનાથ વિશ્વનાથના વાંચવા. બીજું લખવાને અત્યંત દીલગીરી ઉપજે છે કે, હમારા પિતા પંડ્યા

વિશ્વનાથ, ચૈત્ર વદ ૧ ને બુધવારે ગત થયા છે, એ ઘણુંજ માઠું થયું છે; પણ ઇશ્વર આગળ કાંઇ ચલણ નથી; સુખ દુઃખ પડે તે માણસે સહેવુંજ જોઇએ.

બીજું એમના દ્વાદશાની ક્રિયા વદ ૧૩ ને વાર રવઉએ પડે છે, તે તમને સહેજ જાણવા લખ્યુ છે. એજ મીતિ ચૈત્ર વદ ૪ સં. ૧૯૫૫.

અશુભ=માઠી ખબરનો કાગળ; મથાળે ઉપર લખ્યા તેવા બોલ લખવા કે જેથી સ્નાન વગેરે કરવું હોય તે લૂગડાં ઉતારી વાંચે ના વાંચવા=અહીં નમસ્કાર, પ્રણામ, વગેરે જે ઘટે તે સમજી લેવું, પણ માઠી ખબર હોવાથી તેનો અધ્યાહાર રહે છે, સ્પષ્ટ લખાતું નથી. ગત થયા છે=મરણ પામ્યા છે, કોપ=ગુસ્સો આપ્ત. દ્વાદશા=બારમું.

(દિલાસા પત્ર)

સ્વસ્તિ શ્રી સુરત બંદરે મહાશુભસ્થાને પુજ્યારાધ્યે મુરબ્બી શ્રી મોહનરાય કુંવરરાય પરતે નડીઆદથી ખંડેરાવ શંકરરાવના જય મહાદેવ વાંચશો. તમારો વદ ૭ નો પત્ર વાંચી અમો અત્યંત દિલગીર થયા છીએ. તમારા દુઃખનો પાર રહયો નથી. એકની એક દીકરી નાની વયમાં રાંડે એના જેવું બીજું દુઃખ નથી. પણ હવે બિચારી ડાહીને ધીરજ આપશો; અને આ અસાર સંસારમાં કોઇ સુખી નથી; ભગવત્ ભજનમાં મન રાખવાથી ભવિષ્યમાં જીવને શાતા થશે એવો બોધ કરી તેવાં પુસ્તકો વાંચવાનો મહાવરો કરાવશો. ઘરમાં પણ દિલાસો આપશો. સંવત ૧૯૬૫ના ફાગણ વદ ૧૧ ને વાર શનેઉ.

વધામણીનો પત્ર.

સ્વસ્તિ શ્રી ભરૂચ મહાશુભસ્થાને પુજ્યારાધ્યે સર્વે શુભોપમાઃ યોગ્ય દેશાઇજી કલ્યાણરાયજી અનંતસુખરાયજી, પરતે સુરતથી માણેકરાયજી પ્રાણશંકરરાયજીના જયહરમહાદેવ વાંચશો. અત્રે કુશળતા છે, તમારી કુશળતાનો પત્ર ઘણા દિવસ થયાં મળ્યો નથી તે લખશો. વિશેષ લખવા કારણ એ છે જે અમારી દીકરી શો. ભાનુમતીને આજ સવારના છ વાગતે શુભ ચોઘડીએ પુત્ર પ્રસવ થયો છે. સદરહુ પુત્ર અને તેની માતુશ્રી એ બન્નેની તબીયત સારી છે, માટે કાંઇ ફિકર કરશો નહિ. વેવાણ શ્રી જયકોરને આ વધામણી કરશો. એજ મીતિ શ્રાવણ સુદ ૧ સ. ૧૯૬૫

(મુબારકબાદીનો પત્ર)

સ્વસ્તિ શ્રી પુણા મધ્યે શેઠજી ઇચ્છારામભાઇ ભગવાનદાસ પરતે સુરતથી આપના નમ્ર સેવક રણછોડદાસ પ્રાણજીવનદાસના દંડવત પ્રણામ સ્વિકારશો. અત્રે સારી પેઠે છે. વિશેષ આજ રોજ લાયબ્રેરીમાં પેપરોમાં વાંચવામાં આવ્યું કે આપને સરકારે 'રાવબહાદુર'નો ઇલ્કાબ આપ્યો છે. એ વાંચી અત્રે અમને ઘણો હર્ષ થયો છે. સરકારે લાંબી મુદતે લાયક માણસની કદર બુઝી છે. હવે ઇશ્વર પાસે એટલુંજ માગીએ છીએ કે આપને એ ભોગવવા લાંબું આયુષ્ય બક્ષ્યો. એજ તથાસ્તુ. તા. ૬-૧-૧૯૧૦

વિવાહના ઠરાવનો કાગળ.

શ્રી

સંવત ૧૯૬૫ના માગશર શુદ ૧૩ વાર ગરેઊ અંગ્રેજી તારીખ ૧ લી ડીસેમબર સને ૧૮૯૫ ને રોજ કસ્બે કાલોલના રહેનાર રાવળ ભવાનીશંકર ભાઇશંકરની દીકરી બેન ચંદાગવરીના વિવાહ ગામ જંત્રાલના વ્યાસ નાથજી પુરૂષોતમના દીકરા બહેચર જોડે થયા, તેના પલ્લાંની વિગત:—

રૂ. ૪૦૧) ઘરેણું સ્ત્રી ધન તરીકે.

રૂ. ૫૧) લૂગડા,

એણી વિગતે ઘરેણું તથા લૂગડાં ભરીપૂરી આપીએ સહી અને બીજું જે કાંઇ આપવા લેવાનું હોય, તે આપણી જ્ઞાતિ રિવાજ મુજબ આપવું લેવું સહી.

વ્યાસ નાથજી પુરૂષોતમ સહી. દા. પોતે.

સૂચના—વિવાહનો ઠરાવ દરેક જ્ઞાતિમાં પોતપોતાના ચાલ્યા આવ્યા રિવાજ મુજબ લખાય છે. એટલું નક્કી છે કે જે દિવસે એ ઠરાવ થયો હોય, તે દિવસ ઉપરની માફક આરંભમાં લખી મથાળે કન્યા કે વર એમાંથી એકનો સંબંધી જે એ ઠરાવ લખી માગતો હોય તેનું નામ પ્રથમ લખી પાછળથી લખી આપનારનું નામ લખી લખવો; અને ઇબારતમાં પોતપોતાના રિવાજ મુજબ લખી છેવટ લખી આપનારની પંચ સમક્ષ સહી કરાવવી.

કંકોત્રી એટલે લગ્ન પત્રીકા.

શ્રીગણેશાનમ:

સ્વસ્તિ શ્રી મુંબઇ બંદરે મહાશુભસ્થાને પૂજ્યા રાધ્યે, અનેક સર્વે શુભોપમા જોગ મુરબ્બી રા. રા. દેશાઇ મોરારજી સુરભાઇ પરતે સુરતથી લી. આજ્ઞાંકિત શિવલાલ નાગરજી મહેતાના દંડવત્ પ્રણામ વાંચશો. વિશેષ હમારે ત્યાં હમારી બેન ચી૦ પાર્વતીનાં શુભ લગ્ન વૈશાખ શુદ ૩ વાર ગરેઉએ નિર્ધાર્યાં છે. તે રૂડા પ્રસંગપર આપ સહ કુટુંબ મિત્ર મંડળ સહિત પધારી મંડપની શોભા આપશો. એકવાર લખ્યું તે ૧૦૪ કરી માનજો. માગશાર વદ ૧૩ સં. ૧૯૬૫

શુભ=સારા. નિર્ધાર્યાં=નક્કી કર્યાં. સહકુટુંબ=પોતાનાં છૈયાં છોકરાં સાથે. મિત્રમંડળ સહિત=ભાઇબંધ દોસ્તદાર સાથે. મંડપ= માંડવો. એકવાર લખ્યું એ ૧૦૪ વાર કરી માનજો=એ વિવેક દર્શક વાક્ય છે.

રા. રા. ડાકટર સાહેબ રામલાલ લલ્લુભાઇ, બાલાજીનો ચકલો, સુરત.

વિશેષ વિનંતિ કે અમારા ચી. છગનલાલના શુભ લગ્ન જેઠ સુદ ૬ તારીખ ૧૩-૬-૧૯૧૦ ને વાર સોમે નિર્ધાર્યાં છે. લગ્ન ગોરજ થવાનાં છે. મિજલસની બેઠક રવિવારને રોજ રાત્રે નવ વાગતે અમારા ઘરની સામેના બંગલામાં રાખી છે. તેથી સવારના કલાક ૭ ને શુમારે વરઘોડામાં અને મિજલસના એ બન્ને પ્રસંગે આપ સહ કુટુંબ મિત્ર મંડળ સહિત પધારી શોભા આપશો.

વાડીફળીઊં સ્ટોરની શેરી તા. ૬-૬-૧૯૧૦ વાર સોમ.	લી. નમ્રસેવક. છોટાલાલ ધીરજલાલના પ્રણામ વાંચશો.

શ્રી

ભાગ ૨ જો.

[1]દસ્તાવેજો લખવાની સમજુતી.

(૧) દસ્તાવેજ જે મીતિએ લખાય, તેજ મીતિ ગુજરાતી ને ઈંગ્રેજી બને રીતે આરંભમાં લખવી; એટલે સંવત ને ઇસ્વીસન બંને લખવા.

દરેક દસ્તાવેજમાં આરંભમાં મીતિ આવે છે, એ ચોકસ યાદ રાખવું.

(૨) દસ્તાવેજ લખવાનો દિવસ, અને તેમાં લખ્યા મુજબ અવેજ આપવાનો દિવસ તેમજ તેપર [2]મતુ [3]સાક્ષી થયું હોય, તે એકજ દિવસે એકજ જગ્યાએ ને એકજ ખડીઆ કલમે થવું જોઈએ. ફેર પડે, બનાવટી થવાનો અંદેશો રહે છે.

(૩) મીતિ લખ્યા પછી જેને લેખ કરી આપ્યો હોય. તેનું નામ, ઠામ. ઉમ્મર, ધંધો અને જ્ઞાતિ એટલું લખાય છે.

(૪) લેખ લખાવી લેનારનું નામ ઠામ લખ્યા પછી જોગ લી૦ એમ જરૂર લખવું.

૧ દસ્તાવેજ—લેખ. ૨ મતુ—દસ્તાવેજ લખી આપનાર શખ્સ દસ્તાવેજ નીચે પોતાની સહીથી પોતાને કબુલ છે એવો એ કરાર કરે છે તે મતુ કહેવાય છે. ૩ સાક્ષી--મતુની સામા જમણી બાજુપર નજરે જોનારો પોતાની શાખ કરે છે તે. દસ્તાવેજના છેવટ ભાગમાં અત્ર, મતુ. તત્ર, શાખ; એમ લખ્યું છે તે તળે એ સઘળું આવે છે.

(૫) જોગ લી૦ લખ્યા પછી દસ્તાવેજ લખી આપનારનું ઠામ, ઉમ્મર, ધંધો ને જ્ઞાતિ લખાય છે. એમનાજ એટલે લખી આપનારનાજ નામનું છેવટ મતુ થાય છે, તે ચોકસ યાદ રાખવું, ઉપરની [1]ઇબારત હરકોઇ દસ્તાવેજનો આરંભ એટલે મથાળાનો ભાગ સમજવો; વેચાણુ, [2]ગીરો, વ્યાજુ ચીઠ્ઠી, [3]ફારગતિ, ગણોત કે ભાડા નામું, [4]વિલ યા બક્ષીસ નામું વગેરે હરકોઇ દસ્તાવેજમાં એજ રીતે આરંભનો ભાગ–લખાય છે.

દસ્તાવેજનો વચલો એટલે મુદ્દાનો ભાગ.

એ ભાગમાં ઘણી ઘણી હકીકતો આવે છે; તમામ સરતો એમાં આવી જવી જોઇએ. અધૂરી રહેલી સરતોએ પાછળથી કોર્ટે ચઢવું પડે, ત્યારે વકિલ બારિસ્ટર[5]ની તકરારમાં તે ખામી આડે આવી જાય છે, વાસ્તે દસ્તાવેજ પાકા હુંશિયાર ને રાત દિવસના ઘડાયલા માણુસ પાસેજ લખાવવો જોઇએ. "જત લખી આપવામાં આવે છે કે" એમ લખી તેની પછી મુખ્ય સાર ને સરત નીચે મુજબ છે.

(૧) અવેજનો આંકડો સ્પષ્ટ શબ્દ સાથે લખવો જોઇએ.

(૨) અવેજના બદલામાં જે મિલકત યા જણુસ અપાઇ હોય તે જોડે લખવું.

---

૧ ઇબારત--ગોઠવણુ સાર, ૨ ગીરો--મિલ્કત બીજાને લખી આપી તે પર અવેજ કાઢયા હોય, તે દસ્તાવેજ. ૩ ફારગતિ–છુટા છેડાનો દસ્તાવેજ. ૪ વિલ–વારસનામું–વારસમાં કોઇને મિલ્કત આપી દઇ તેનો લેખ લખવો તે. ૫ બારિસ્ટર–વકીલ કરતાં કાયદાનું વધારે બારીકીથી જ્ઞાન જાણનાર કાયદાશાસ્ત્રી ઇંગ્લાંડ જઈ પાસ થઇ આવે, ત્યારે એ પદ્વી મળે છે.

(૩) મિલ્કત સ્થાવર ઘર કે વાડી હોય, તે કયી જગ્યાએ આવેલી છે, તે સ્પષ્ટ દર્શાવવું જોઇએ.

(૪) ઘર હોયે તેની લંબાઇ પહોળાઇ ને ચતુરસીમા લખવી.

(૫) જમીન ખેડવાની હોયે તે કયા[1] સર્વે નંબરની કેટલા એકર ને આકારની છે, તે જણાવવું જોઇએ, તેમજ તેની ચતુરસીમા લખવી.

(૬) ઘર હોયે તેનું ભાડું, અને જમીન હોયે તેનું ગણોત કેટલા રૂપીઆ ઠેરવ્યા છે, ને તે લેવાનો હક કોનો છે તે જણાવવું જોઇએ. તેમજ અવેજ હોય, તેના વ્યાજનો શો દર કેવી સરતે છે, તે લખવું જોઇએ. જમીનનો આકાર એટલે સરકાર ધારાના રૂપીઆ કોણે કેટલા ભરવા, તે બરાબર લખવું જોઇએ. ઘર હોયે તે બગડતું સમરતું કોણે સમરાવવું તે લખવું જોઇએ.

(૭) દસ્તાવેજ કેટલી મુદત [2]બંધન કર્ત્તા છે, તે લખવું જોઇએ, છૂટી મુદત હોય તેમ લખવું. સદાને માટે આપ્યું હોયે યાવત્ ચંદ્ર દિવાકરો એટલે જ્યાં સુધી સૂર્યને ચંદ્ર તપે ત્યાં સુધી આપ્યું એમ લખવું.

(૮) કબજો કયારે આપ્યો તે જણાવવું જોઇએ.

(૯) ગીરો ભાડા કે ગણોતે મિલ્કત આપી હોયે, રાખનારનો પાછી ગીરો ભાડે કે ગણોતે આપવાનો હક રહે છે કે નહીં, તે લખવું જોઇએ. તેમજ સ્થાવર મિલ્કતપર ઝાડ વગેરે હોય, તેપર કોનો હક છે તે જણાવવું જોઇએ.

---

૧ સર્વેનંબર—માપણીનો નંબર. ૨ બંધન કર્ત્તા—બાંધી લેનાર.

(૧૦) અવેજ મુદ્દતસર પાછો આપી મિલ્કત છૂટી કરવા સરત છે કે [1]વળતરે અમુક વરસે મિલ્કત છૂટી થાય છે કે શી રીતે તે ગીરો વગેરે દસ્તાવેજમાં આવવું જોઇએ, અવેજ ન અપાય કે મિલ્કત છૂટી ન કરે, ફરિયાદ વગેરે વખતસર કરતાં ખરચ કોને માથે રહે છે તે જણાવવું.

(૧૧) મિલ્કતની વિગત, સરતો પછી નીચેજ જુદા પારેગ્રાફમાં જણાવવી જોઇએ. તે કયા [2]ડિસ્ટ્રિકટમાં, કયા તાલુકામાં છે, તે લખ્યા પછી તેની લંબાઈ, પહોળાઇ, ચતુર સીમા, આકાર, એકર વગેરે તમામ હકીકત ચોકસ આવવી જોઇએ.

(૧૨) વિલ કયા બક્ષીસના લેખમાં તમામ મિલ્કતો વર્ણવવી જોઇએ. તેમજ વેચાણ કયા ગીરો દસ્તાવેજમાં પણ જેટલી સરતો કરવામાં આવે તે બરાબર લખવી જોઇએ. કેમકે દસ્તાવેજમાં એજ ખાસ મુદ્દાનો ભાગ છે. ઉપર મુજબ મુખ્ય સરતો લખી છે. તે તેમજ એ ઉપરાંત દસ્તાવેજ પ્રત્યે જુદી જુદી જે જે સરતો લખવાનો સ્થાન પ્રત્યે જે વહીવટ હોય, તે મુજબ લખવું જોઇએ. લખતાં કાયદાની ખામી ન રહે, તેટલા સારૂ બનતાં સુધી [3]ખરડો તૈયાર કરી કાયદા જાણનાર સારા વકીલ કે મુખ્તીઆરની તે બાબત સલાહ લેવી.

(૧૩) દસ્તાવેજ સરકાર ધારા મુજબ યોગ્ય [4]સ્ટામ્પર કરવો

---

૧ વળતરે—અમુક મુદ્દતે રૂપીઆ વળી રહે ને મિલ્કત આપનારને પાછી મળે, તે વળતરે કહેવાય છે. ૨ ડિસ્ટ્રિકટ—જિલ્લો કે સંસ્થાન હોયે તે નામ લખાય. ૩ ખરડો—કાચો દસ્તાવેજ, સ્ટામ્પ વગર સાદા કાગળપર પ્રથમ લખ્યો હોયે તે. ૪ સ્ટામ્પ—સરકારી કાગળ.

જોઇએ. તેમજ તેને [1]રજીસ્ટ્રેશનની જરૂર હોય, તે [2]સબરજિસ્ટ્રાર ની કચેરીમાં નોંધાવવોજ જોઇએ. ઘણી વખત સ્ટામ્પની ખામી, રજીસ્ટર ન થયો હોય તે, મુદતનો બાધ એ વગેરે મુદ્દે દસ્તાવેજ ખોટા થાય છે, સબબ તેવી ભૂલ ન થવી જોઇએ. મુદતનો બાધ એટલે અમુક મુદતે દસ્તાવેજ ફેરવવાનો કાયદાનો આધાર હોય તે નિયમ મુજબ દસ્તાવેજ ફરવો જોઇએ, જેમ કોઇ પાસે રૂપીઆ માગતા હોય, તેનું સામા દસ્તાવેજનું ખાતું હોય, ને ત્રણ વરસ સુધીમાં તેના હાથે કાંઇ જમા ન થયું હોય, ત્યારે તેનો હિસાબ ફરી ફરી ખાતું પડાવવુંજ જોઇએ, નહીંતર મુદતનો બાધ લાગી તે દસ્તાવેજ રદ થવાનો સંભવ રહે છે.

(૧૪) ઇબારત પૂરી થયા પછી છેવટ 'અક્કલ હોંશિયારીથી' [3]બિનકેફ તંનદુરસ્તિથી 'રાજીખુશીથી' રૂપીઆ રોકડા લઇ [illegible]કત કબજામાં આપી તે કબુલ મંજૂર [4]સહી વગેરે વાકયો આવે છે.

(૧૫) દસ્તાવેજ લખનારનું નામ એટલે દસ્કત કોના છે તે છેવટ લખાય છે. બાદ મતા, સાક્ષી થાય છે.

---

૧ રજિસ્ટ્રેશન–નોંધામણી. ૨ સબરજીસ્ટ્રાર–દરેક તાલુકામાં મામલતદારની કચેરી લગત એકેકો નોંધણી કામદાર હોય, તેને સબરજિસ્ટ્રાર કહે છે. ૩ બિન કેફ તનદુરસ્તિથી--કેફ કરી તેની ઘેનમાં નહીં. પણ શરીરની સારી સુખાકારીથી. ૪ સહી–નક્કી.

દસ્તાવેજનો છેવટનો ભાગ.

છેવટનો ભાગ તે મતા સાક્ષીનો છે. મતા સાક્ષી થયા સિવાય દસ્તાવેજ લખેલો રદ જાણવો; અને તેમાં લખ્યા મુજબ અવેજ પ્રત્યક્ષ લઇ કે આપીનેજ મતુ કરવું જોઇએ. તેમજ સાક્ષીઓએ પોતાની રૂબરૂ અવેજ અપાયો કે લેવાયો તેમ મિલ્કતનો કબજો સોંપાયો હોય, ત્યારેજ પોતાની સાહેદી કરવી જોઇએ. ઘણી વખત લોકો દસ્તાવેજ લખી રહેવા દીધો હોય, ને પાછળથી કોઇ ભળતા માણુસની સહી લે છે. પણ ખરૂ જોતાં તેવા સઘળા શખ્સો જૂઠા[૧] કસમને[૨] પાત્ર છે, એ સઘળું એકે વખતે બનવુંજ જોઇએ

[૩]અત્ર મતુ.
આ લીટીમાં મતુ કરનાર જે જોગ લી૦ હોયછે; તેની સહી પોતાના જાત દસ્કતથી થવી જોઇએ, તેને લખતાં ન આવડતું હોય તેની પાસે કલમ પકડાવી એકડો કે નિશાન કરાવવું, બાદ તે કહે તે બીજા સખ્સે ફલાણા ફલાણાતું મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી દસ્કત ફલાણાના ધણી રજુ કે ધણીના કહેવાથી એમ લખી દસ્કત કરવા. જોગ લી૦ એક

[૪]તત્ર, શાખ.
આ જગ્યાએ ઓછામાં ઓછા નજરે દસ્તાવેજ લખતાં જોનાર તેમજ અવેજ તથા કબજો વગેરે અપાતાં પ્રત્યક્ષ જોયો હોય એવા માણસે શાખ એટલે સાક્ષી કરવી; બને એક સાક્ષી દસ્તાવેજ લખી આપનાર તરફનો, ને એક લખી લેનાર તરફનો જોઇએ. તેઓએ તેમના તેજમાં અંજાઇ વગર વાંચે કે સામા ધણીને કબૂલ છે એમ પૂછયા સિવાય, પોતાની સાક્ષી ન કરવી

૧ કસમ—સોગન. ૨ પાત્ર—લાયક, ગુન્હેગાર. ૩ અત્ર—અહીં. ૪ તત્ર—તહીં.

કરતાં વધારે સખ્સો હોય, તે દરેકનું નામવાર ઉપરની રીતે મતુ કરાવવું જોઇએ

યાદ રાખવું જોઇએ કે લખી આપનાર કે લેનાર જોડે સંબંધ ન રહેતાં જૂઠી સાક્ષી કરનાર અને પૂરનાર જૂઠા સોગનમાં આવી કેદમાં જાય છે. મતલબ એજ છે કે પોતાની રૂબરૂ દસ્તાવેજ ને તેની ઇબારત પ્રત્યક્ષ બની હોય ત્યારેજ સાક્ષી કરવી જોઇએ, સાક્ષી કરનાર સખ્સો ભણેલાજ હોવા જોઇએ.

કબજો ગીરો ખત.

સંવત ૧૯૬૬ ના વર્ષ ચૈત્ર શુદ ૩ તારી૦ ૩૧ મી માર્ચ સને ૧૯૧૦ ને અંગ્રેજી દિને તાલુકે ચોર્યાશીનું ગામ મોજે દેલાડવાના રહેનાર દેશાઈ હરીભાઇ વસનજી જાતના અનાવલા બ્રાહ્મણ, ઉમર આશરે વર્ષ ૩૫ ની ધંધો ખેતી વગેરેનો જોગ લી૦ તાલુકે મજકુરનું ગામ ડીંડોલીના રહેનાર ભાણા લાલા, જાતના કોળી, ઉમ્મર વરસ ૪૦ ની, ધંધો ખેતીનો જત લખી આપુંછું કે આજરોજે તમારી પાસેથી નગદ રોકડા રૂપીઆ ૯૯૯) અંકે નવશોં નવાણું પોળીઆં મારા શાહુકાર સુરત નવાપરાના રહેનાર શા૦ નેમચંદ અમરચંદને આપવા રૂ૦ ૫૦૦) તથા બીજા પરચુરણ શાહુકારોને આપવા સારૂ લીધા, તે દેવા. દેશ પરદેશ જ્યાં તમો ધણી માગો ત્યાં દેવા. એ રૂપીઆનું વ્યાજ માસ એકે સેંકડે એક તેરીખ

ટકા ૦।= અંકે ૭ આના લેખે દીવાળી બાકીના વ્યાજના વ્યાજ તથા જે વર્ષમાં અધિક માસ આવે તેના વ્યાજના વ્યાજ સાથે આપવા સહી. એ ગરથના બદલામાં મારી નીચે લખેલી મિલ્કતો કબજા ગીરો આપી તમારા કબજામાં સોંપી છે. સદહું મિલ્કત પેસ્તરથી તે હાલ સુધી મારા કબજામાં ચાલી આવેલી તે ગીરોના હકથી તમારા કબજામાં આપી છે; માટે વસો, વસાવો, ખેડો, ખેડાવો, તમારી નજરમાં આવે તે રીતે વહીવટ કરવાને તમો ગીરોદાર મુખ્ત્યારછો. સદહું મિલ્કતનું જે ગણોત ભાડું ઉત્પન્ન થાય, તે તમારા ઉપર લખેલા રૂપીઆના વ્યાજમાં જમે કરવા; ને ઘટે તો મારે ઘર ઘરાઉ આપવા સહી. ને વધે તો મુદ્દલમાં જમે કરવા. સદહું રૂપીઆ તમો જ્યારે માગો ત્યારે આપવા, આપતાં ઓજર કરીએ તો નીચે લખેલી ગીરોવાળી મિલ્કતથી તથા અમારી જાતથી તથા અમારી સર્વે તરેહની માલ મિલ્કતોથી તથા તમારી નજર પહોંચે ત્યાંથી વસૂલ કરવા તમો તથા તમારા વારસો મુખ્ત્યારછો. સદહું ઘરને અસ્માની સુલતાની જોખમ લાગે તો તેનો જોખમ મારે શિર છે. સદહું મિલ્કતને આબાદ રાખવાને જે જે મરામત કરાવવી પડે, તે અમારે કરાવવી, અમો નહીં કરાવીએ ને તમો કરાવો તો તેના ખરચના રૂપીઆ તમારા હિસાબ મુજબ ઉપર પ્રમાણેના વ્યાજની સાથે સદહું ગીરોના રૂપીઆની સાથે વસૂલ કરવા તમો તથા તમારા વારસો મુખ્ત્યારછો.

ગીરો આપેલી મિલ્કતની વિગત:—જીલ્લે સુરત ડિસ્ટ્રિકટ સુરત સબડિસ્ટ્રિકટ તાલુકે ચોર્યાશીનું ગામ મોજે ડાંડોલીમાં છે તે.

ઘર ગાળા ૨ બે, નાળીએરી જમીન અમલા તથા વાડા સાથે; ઉત્તર દક્ષિણ લાંબું આશરે ગજ ૭૦ તથા પૂર્વ પશ્ચિમ પહોળું આશરે ગજ ૧૨, એની ઉત્તરે જસા ઝીણાનું ઘર, દક્ષિણે હરીભાઇ મકનજીનું ઘર, પૂર્વે આગલું બારણું સરીઆમ, ને પશ્ચિમે ગોવન કસનનું ઘર.

મજકુર ગામમાં સરકારી ખેડ ખાતાની જમીન મારે નામે ચાલે છે તે:—

સર્વે નંબર	૧૨૫	એકર	૫-૧૦	ગુંઠા,	આકાર	રૂા.	૨૭-૧૨-૦
,,	૪૨૦	,,	૪—૭		,,	,,	૩૩-૧૩-૦
,,	૭૫૦	,,	૧—૪		,,	,,	૫-૧૦-૦

એણી વિગતની મિલ્કતો સર્વે જાતના લાગતાવળગતા હકો તથા ઝાડો સાથે તમારા કબજામાં આપી છે. આ કબજા ગીરોનો દસ્તાવેજ મેં મારી રાજી ખુશીથી તથા અક્કલ હોંશીઆરીથી લખી આપ્યો, તે મારે તથા મારા વારસોને કબૂલ છે. દા. મોતીભાઇ માણેકચંદના છે.

અત્ર. મતુ. તત્ર શાખ.

ભાણા લાલા મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી. દા. પોતે

રામજી ભીખા શાખ. દા. પોતે.
જીવણજી રતનજી શાખ. દા. પોતે.
વસનજી કલ્યાણજી શાખ. દા. પોતે.

અર્થ ને સૂચના.

આ કબજાગીરો દસ્તાવેજ છે. આમાં મિલ્કતમાં ઘર અને ખેડવાની જમીન જે લખ્યાં છે, તેનો કબજો રૂપીઆ જે દેસાઇને ત્યાંથી કાઢયા છે, તે દેસાઇને સોંપ્યો છે. એટલે ઘરમાં દેસાઇની મ-

રજીમાં આવે તેને ભાડૂત મૂકે કે પોતે વાપરે, તેમજ જમીન હોય તો પોતે ખેડે, કે બીજાને ગણોત આપે, અગર ગણોતપટો કરાવી લઇ ગીરો મૂકનાર ભાણુાભાલાને પાછી આપે તે તેની મરજીપર છે. સાનગીરો દસ્તાવેજમાં એમ થતું નથી. તેમાં કબજોગીરો આપનારનોજ રહે છે, કબજે રહે એટલે મિલ્કતનો વહીવટ પણ તેજ કરે છે. શાહુકાર ફકત તેના મુદ્દલ રૂપીઆ ને બ્યાજનો માગનારો છે. ગીરો મૂકનાર તે ન આપે એટલે શાહુકાર ફરિયાદ કરી દસ્તાવેજમાં લખી લીધેલી સાનગીરો મિલ્કતથી તે વસૂલ કરી શકે.

ચોર્યાશી તાલુકો–સુરત શહેર અને ફરતાં ગામ જે તાલુકામાં આવ્યાં છે તે તાલુકો.

જત=બીજું. પરચુરણ—નાના નાના. અધિકમાસ—એકજ વર્ષમાં એકજ નામના બે મહિના આવે ત્યારે એક અધિક ગણાય. તે વરસમાં ૧૩ મહિના ગણાય છે. ગરથ–રૂપીઆ. સહહું–એ દસ્તાવેજમાં લખી છે તે. પેસ્તરથી–પેહેલાંથી. મુખ્ત્યાર–ધણી. ઓજર કરીએ–વાર લગાડીએ, ના પાડીએ. અસ્માની જોખમ–આકાશી કે ઇશ્વરી આફત. વીજળી પડે કે આગ લાગે ને ઘર બળી જાય વગેરે. સુલતાની–સરકાર તરફથી લઇ લેવામાં આવે છે. ડિસ્ટ્રિકટ–જિલ્લો, સંસ્થાન સબડિસ્ટ્રિકટ=તાલુકો, પરગણું. સરીઆમ–લોકોને જવાનો ધોરી રસ્તો.

સાન ખત.

સંવત ૧૯૬૬ના જેઠ સુદ ૯ ને વાર ગુરૂ તારીખ ૧૬મી જુન સને ૧૯૧૦ને દિને ત્રવાડી ઉમિયાશંકર ગવરીશંકર રહેવાસી સુરત વાડીફળીઆના જોગ લી૦ એક ગામ વાસી રવિશંકર સૂરજરામ જત અમોએ તમારી પાસેથી આજ રોજ કરજાઉ રૂા. ૫૨૫ અંકે પાંચસેં પચ્ચીસ પુરા મુંબઇગરા રોકડા લીધા છે. એનું વ્યાજ દર માસે દર સેંકડે ૮ આના લેખે કરયું છે, એનો વાયદો આજથી ૧ વર્ષનો કર્યો છે, રૂપીઆ વ્યાજ મુદલ સાથે મુદત પૂરી થયે આપીએ; તે ઉપરાંત રહેતો તમામ રકમ વસુલ થતાં સુધી સદરહુ પ્રમાણે વ્યાજ આપીએ. આ નાણાની સાનમાં અમારૂં બાપીકું ઘર ૧ લખી આપ્યું છે તેની વિગતઃ—

ઘર ૧ બે માળનું શહેર સુરતના વાડીફળીઆમાં સ્ટોરની શેરીમાં ઇ. વાર્ડ ન. ૪ ટીકા ૩ સર્વે નંબર ૨૬૫ નું છે તેની ચતુરસીમાની વિગત પૂર્વે મણીનંદ ગીરજાનંદનું ઘર દક્ષિણે ગોવિંદ વિઠ્ઠલનું ઘર, પશ્ચિમે ધોરી સરીઆમ રસ્તો અને ઉત્તરે વકીલ ગુલાબદાસ લાલદાસનું ઘર છે. એ રીતની ચતુ. સીમા વચ્ચેનું આગલું બારણું પશ્ચિમ મ્હોનું અને જેમાં હાલ અમે રહીએ છીએ તે ઘર સદહું રૂપીઆની સાનમાં લખી આપ્યું છે. તમારા સિવાય બીજા કોઇના કરજમાં એ ઘર સાનમાં આપેલું નથી. સદર્હુ વાયદાસર તમારા રૂપીઆ ન આપીએ તો સદર્હુ સાન મિલ્કતથી તથા અમારી હરેક જાતમિલ્કતથી તમે વસૂલ કરી લો સહી. સદર્હુ રકમ અમે અમારા બીજા શાહુકારનું દેવું પતાવવા સારૂ લીધી છે.

અત્ર	મતુ	તત્ર	શાખ
૧ રવિશંકર સૂરજરામ મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી દા૦ પોતે.		૧ ભટ્ટ રામશંકર જદુરામ શાખ દા૦ પોતે. ૧ દેશાઈ ભીમભાઈ મોરારજી શાખ દા૦ પોતે.	

વેચાણ ખત.

સંવત ૧૯૬૬ ના ચૈત્ર વદ ૧૩ ને વાર ગુરૂ તારીખ ૨૫ મી એપ્રીલ સન ૧૯૧૦, ને અંગ્રેજી દિને તાલુકે વલસાડનું ગામ ઉંટડીના રહેનાર શા. હીરાજી ભગવાનજી ઉમ્મર વરસ ૫૫ ની ધંધો વ્યાજુનો જાતના મારવાડી વાણીઆ. જોગ લી. તાલુકે મજકુરનું ગામ માલવણનું ફળીઉં દાંતીના રહેનાર ખુધા લીંબા જાતના માછી ઉમ્મર વર્ષ ૫૧ ની ધંધો ખેતી તેમજ વહાણ ફેરવવાનો, જત લખી આપું છું કે, આજરોજ તમારી પાસેથી નગદ રોકડા રૂ. ૭૫૧) અંકે સાતસેં એકાવન પોળીઆ રાણી સિક્કાના લીધા, એ ગરથના બદલામાં મારી નીચેની વિગતની મિલ્કત તમને યાવત્ચંદ્ર દિવા કરો કલકાવળ રહિત—આકાશથી પાતાળ સુધી સર્વ જાતના લાગતા વળગતા હકો સાથે વેચાણ આપી આજરોજથી તમારા કબજામાં આપી છે. માટે તમારી નજરમાં આવે તે રીતે વહીવટ કરવાને તમો માલીક મુખ્ત્યાર છો, એ મિલ્કત સંબંધી આજ પછી કોઇ ગીરોદાર, હિસ્સેદાર, દાવેદાર પેદા થઇ હરદાવો કરે તો તેનો જવાબ મારે તથા મારા વારસોએ દેવો સહી. એ મિલ્કતમાં વસો વસાવો; ગીરો, વેચાણ કે બક્ષીસ કરો તે સર્વે વાતે તમો માલીક મુખ્ત્યાર છો, એ મિલ્કત ઉપરથી મારો તથા મારા વારસોનો હક

તથા દાવો ઉઠયો છે, ને તમારો તથા તમારા વારસોનો હક તથા દાવો થયો છે. સદહું મિલ્કત પેસ્તરથી મારા કબજામાં ચાલી આવેલી તે વેચાણના હકથી તમારા કબજામાં આપી તેની વિગત:– જિલ્લે સુરત ડિસ્ટ્રિકટ સબ ડિસ્ટ્રિકટ વલસાડનું ગામ કસ્બે બદેલીમાં ઘર ગાળા ૩, ઉત્તર દક્ષિણ લાંબા આશરે ગજ ૧૦૦ વાડા સાથે તથા પૂર્વ પશ્ચિમ પહોળા ત્રણ ગાળા મળી આશરે ગજ ૨૧, એની ઉત્તરે આગલું બારણું સરીઆમ સડક છે. દક્ષિણે વાડો મૂકી ગોવન ગોકળની કાછાની જમીન છે. પૂર્વે સ્વામીનારાયણનું મંદીર તથા ખુલ્લી જમીન છે; ને પશ્ચિમે રજપૂત જાદવ જસાનું ઘર છે.

એણી વિગતની મિલ્કતો વેચાણ આપી તમારા કબજામાં સોંપી છે. આ વેચાણનો દસ્તાવેજ મેં મારી રાજીખુશીથી તથા અક્કલ હોશીઆરીથી તથા બિનકેફ તનદુરસ્તિથી લખાવી આપ્યો ને મારે તથા મારા વારસોને કબુલ મંજૂર છે.

અત્ર. મતુ.	તત્ર. શાખ.
માછી બુધા લીંબા મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી. દા. પોતે.	ડાહ્યાભાઇ ગુલાબભાઇ શાખ દા. પોતે.
	લલ્લુભાઇ મોહનભાઇ શાખ દા. પોતે.
	ભીખા જામલ શાખ. દા. પોતે.

ફારગતી.

સંવત ૧૯૪૯ ના પોસ શુદ ૨ અંગ્રેજી તારીખ ૨૧ મી ડિસેમ્બર સન ૧૮૯૨ ને વાર બુધેને દિને સુરત નવાપરાના રહેનાર હરજીવન માણેકચંદ જાતના ગોલા, ઉમ્મર આશરે વર્ષ ૩૦, ધંધો

રેશમનો જોગ લી. સુરત ગોપીપરાના રહેનાર જગજીવન માણેકચંદ ઉમ્મર આશરે વર્ષ ૨૭ ની ધંધો વેપારનો, જત લખી આપું છું કે તમો તથા અમો સગા ભાઇઓ થઇએ છીએ. આજ ૭ સાત વર્ષ થયાં તમો તથા હું જુદા રહી ધંધો રોજગાર પણ કરતા આવ્યા છીએ. અને આપણી કેટલીક જંગમ મિલ્કત હતી, તે આપણે પ્રથમ વહેંચી લીધી હતી; પણ આપણું બાપુકું ઘર નીચે જણાવેલી વિગતનું આપણું રાશુકુછે. તેમાં તમો રહેતા આવ્યા છો, તેમાં મારો નીમે હિસ્સાનો હક રૂ ૩૦૦) અંકે ત્રણુસેં લઇ ઉઠાવી આ ફારગતિ લખી આપી છે; કારણ કે તમો મારા મોટાભાઇ થાઓછો, ને બચ્ચરવાળછો; તેમ તમોએ મને કેટલીક મદદ કરેલી છે, તે ઉપરથી વિચાર કરી નીચે લખેલી મિલ્કત ઉપરથી મેં મારો માલીકપણાનો હક ઉઠાવી તમને સ્વતંત્ર માલીક કર્યા છે; માટે તમારી નજરમાં આવે તે રીતે કરવાને તમે તથા તમારા વારસો મુખ્ત્યાર છો; તેમાં મારી તથા મારા વારસોની તકરાર ચાલે નહીં. આજ પછી એ મિલ્કત બાબત કોઇ ગીરોદાર. હિસ્સેદાર વગેરે પેદા થઇ દાવો કરે તેનો જવાબ મારે તથા મારા વારસોએ દેવો સહી મિલ્કતની વિગત:–સુરત ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ સુરત શહેરના નવાપરાની ભાતની પીઠમાંનું ઘર એક ગાળા ૨, સર્વે નં. ૪૫ ની સનંદ નં. ૧૧૫ માં લખ્યા મુજબ સમચોરસ વાર ૧૪૫ એની પૂર્વે બેહેચર નાગરનું ઘર, પશ્ચિમે ગાંડા કેસૂરનું ઘર, ઉત્તરે શરીઆમ સડક, દક્ષિણે ગલીનો રસ્તો.

એની વિગતનું ઘર બાબતનો આ ફારગતિનો દસ્તાવેજ ઉપર લખેલા રૂા. લઇ મેં મારી રાજી ખુશી ને બિનકેફ તનદુરસ્તિથી લ-

ખી આપ્યો, તે મારે તથા મારા વારસોને કબૂલ મંજુર સહી.

અત્ર. મતુ મત્ર શાખ.

જગજીવન માણેકચંદ મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી, દા. પોતે.

ફકીરચંદ માણેકચંદ શાશ, દા. પોતે.
અબ્દુલ મહમંદ શાલે મહમંદ શાખ પોતે. ધણી બે હજૂર.
અમથા લાલચંદ શાખ. દા. પોતે.

એ ઉપરાંત લેણદેણનો નિકાલ થયાની, સ્ત્રી જોડે છૂટા છેડા થયાની વગેરે પ્રકારની ફારગતિ લખાય છે, તેના નમુના શિક્ષકે મોઢાથી શીખવવા.

કુલ મુખ્ત્યારનામું.

હું દેશાઇ હકુમતરાય હરરાય રહેવાસી કસ્બે વલસાડના આ લેખ ઉપરથી મહેતા હરગોવિંદદાસ કલ્યાણદાસ રહેનાર શ્રી ચીખલીનાને મારે સારૂ તથા મારા નામથી તથા મારી તરફથી કોઇ પણ કોર્ટમાંની ફરિયાદમાં કિંવા અપીલમાં કિંવા ઇનસાફના કામમાં હાજર રહેવા સારૂ અગર ફરિયાદ કરવા સારૂ અગર જવાબ આપવા સારૂ અને કોર્ટમાં ભથ્થાં ભરવા તથા કાગળોની નકલો લેવા સારૂ તે પહોંચ લેવા આપવા સારૂ વગેરે સર્વ કામકાજ કરવા સારૂ મેં મારા ખરા ને કાયદાસર મુખ્ત્યાર પસંદ કર્યા છે, ને નીમ્યા છે.

આ વાતની સાક્ષી માટે તારીખ ૬ ઠ્ઠી જૂન સને ૧૯૧૦ ને રોજ મેં મારી સહી કરી છે.

દેશાઇ હકુમતરાય હરરાય
સહી દા૦ પોતે.

રામગોવિંદ લાલભાઇ શાખ
દા૦ પોતે.

લલ્લુભાઇ પરાગજી શાખ દા૦
પોતે.

ગણોત પટો.

સંવત ૧૯૪૯ ના વૈશાખ શુદ ૩ વાર શુકરે તા૦ ૫મી મે સન ૧૮૯૩ અંગ્રેજી દિને તાલુકે ધંધુકાનું ગામ રાણપોરના રહેનાર શામળ બેહેચર જાતના અમદાવાદી કડવા કણબી ઉમ્મર આશરે વર્ષ ૨૫ ની ધંધો વ્યાજુનો. જોગ લી. મજકુરના રહેવાશી પૂંજા આશારામ જાતના ભાલીઆ કોળી, ઉમ્મર આશરે વર્ષ ૪૫ ની જત લખી આપું છું કે, તમોએ ગામ મજકુરના વનમાળી લાધા પાસેથી ગીરો રાખેલી જમીન નીચેની વિગતની તમારી પાસેથી વર્ષ ૧૦ ને કરારે ગણોતે રાખી છે; તેના ગણોતના વર્ષ ૧ એકના રૂ ૧૩૦) અંકે એકસોને ત્રીશ રાણી શિક્કાના પોળીઆં સરકારની ઠરાવેલી બંને કિસ્સે નીમો નીમ આપવા; સરકાર ધારાના રૂપીઆ વનમાળી લાધાએ હર વર્ષે ભરવાના છે એ જમીનના બાણુ ખૂંટની સંભાળ હમારે રાખવી. નવાં કરાવવાં પડે તો તે તમારા ખરચથી અમારે કરાવવાં. એ જમીનમાં જેટલી ખેડાણ છે, તેટલીજ ખેડવી, વધારે ખેડવી નહીં. સદરહુ જમીનમાં પાકે કે ન પાકે, ખેડીએ નહીં ખેડીએ તોપણ તમારા ગણોતના રૂા. ઉપરની મુદતે આપવા; આપતાં કસૂર કરીએ તો અધૂરી મુદતે એ જમીનનો કબજો લઈ બીજાને ગણોતે આપવા મુખ્ત્યાર છો. તેમાં ઉપલી મુદત સુધી જે કમી ગણોત ઉપજે તે મારાથી વસૂલ કરી લ્યો સહી. ઉપર બતાવેલી મુદત દરમ્યાન ગીરોદાર સદરહુ જમીન તમારી પાસેથી ગીરોમાંથી છોડાવે તો મારે કબજો સોંપી દેવો, મુદતની તકરાર કરવી નહી. ઉપર લખેલા ગણોતના રૂા. નહીં આપું, ને તમારે ફરિયાદ કરવી પડે તો તેના ખરચ સહિત મારી જાતથી તથા મારી માલ મિલ્કતથી

તથા મારા વંશ વારસોથી વસૂલ કરી લેવા મુખ્ત્યાર છો.

ગણોતે રાખેલી જમીન અમદાવાદ ડિસ્ટ્રીકટ—સબડિસ્ટ્રીકટ તાલુકે ધંધુકાનું ગામ મોજે રાણુપોરમાં વનમાળી લાધાના નામથી ચાલે છે તેની વિગત,

જમીન કિ-તો ૧ સર્વે નં. ૪૪ એકર ૧૦–૪ આકાર રૂ ૩૦ ૮–૦
જમીન કિ-તો ૧ સર્વે નં. ૫૬ એકર ૪–૩૨ આકાર રૂ ૨૦–૯–૦

એણી વિગતનો ગણોત પટો મારી રાજીખુશી—અક્કલ હોંશિયારી તથા બિનકેફ તનદુરસ્તથી લખી આપ્યો, તે મારે તથા મારા વંશ વારસોને કબૂલ મંજુર છે સહી. દા. જેયરામ રતનજીના છે.

અત્ર. મતુ તત્ર શાખ.

+પૂંજા આશારામ મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી. દા.

ખુશાલ માધવ શાખ, દા. પોતે.

ગંગારામ કેવળના ધણી રજુ ધણીના કહેવાથી ધણીએ નિશાન પોતાને હાથે કર્યું છે.

નરભેરામ નરસિંહદાસ શાખ. દા. પોતે.

[ઉપરનો ગણોતપટો ગીરો રાખેલી જમીન ગણોતે ખેડવા આપી તેનો છે. તેજ મુજબ પોતાના વાંટા કે ખાતાની જમીન આપે તેના લખી શકે, તેમાં તેટલી સરતો ઓછી આપે. તેમજ જમીનમાં ઝાડ ઉછેરી આપવાં કેવી સરતે તે કરાર થયો હોય, લખાય, તેમજ જમીનપરના કે હવે પછી ઉછરતાં ઇમારતી કે જલાઉ ઝાડોપરનો હક્ક કોનો રહે છે, તે કરાર થયે દસ્તાવેજમાં આવી શકે.]

ભાડાચીઠ્ઠી

સંવત ૧૯૬૬ ના પોશ શુદ ૨ ને વાર ગુરૂ અંગ્રેજી તારીખ ૧ લી જાન્યુઆરી સને ૧૯૧૦ ના દિને તાલુકે સાવલીનું ગામ મોજે જરોદના રહેનાર મણીભાઇ ભોળાનાથ ઉમ્મર વર્ષ ૫૦ ની ધંધો નોકરીનો જ્ઞાતે નાગર બ્રાહ્મણ જોગ લી૦ નરહરીપંથ વિષ્ણુપંથ જ્ઞાતે દક્ષિણી દેશસ્થ બ્રાહ્મણ–ધંધો નોકરીનો મૂળ રહેવાશી ગામ જાયબોરડી તાલુકે ડેણું જીલ્લે થાણાના તે હાલ નોકરી અર્થે કસ્બે સાવલીના–જત લખી આપું છું કે નિચેની વિગતનું ઘર તમારી પાસેથી વર્ષ પાંચને કરારે ભાડે રાખ્યુ છે, તેની સરત એ જે વર્ષ ૧ એકના ભાડાના રૂ. ૨૪) અંકે ચોવીસ બાબાશાહી હર સાલના ચૈત્ર શુદ ૨ ને રોજ આપવા; મુદતસર નહીં આપું તો કબજો મારી પાસેથી લઇ બીજાને ભાડે આપવા મુખ્ત્યાર છો, તેમાં સદર્હુ મુદત સુધી જે કમી ભાડું ઉપજે તે માસથી વસૂલ લેવું સહી. સદર્હુ મુદત દરમ્યાન મારી બદલી થાય એટલે ઘર અધૂરી મુદતે ચડેલું ભાડું આપી છોડી જવા મને કશો પ્રતિબંધ નથી. ભાડાના રૂા. આપવામાં કસૂર કરૂં ને ફરિયાદી કરવી પડે તો મારી જાતથી, મારી મિલ્કતથી કે મારા વંશ વારસોથી તમો કે તમારા વારસો ખરચ સહિત લેવા મુખ્ત્યાર છો. એ ઘરમાં રૂપીઆ એક ઉપરાંતનો સમારવાનો ખરચ તમો ઘરધણીને માથે છે, ને તેથી કમી ખરચ કામ ચલાઉ હોય મારે કરી લેવો. ચળાવવા તથા હર વર્ષે ચૂનો દેવડાવવાનો ખરચ મારે શિર છે. નળીઆંની ખોટ તેમજ રંગાવવાનો ખરચ તમો ઘરધણીને શિર છે. ભાડે રાખેલા ઘરની વિગતઃ—

સ્ટેટ વડોદરા પ્રાંત વડોદરા તાલુકે સાવલીનું ગામ કસ્બે સાવલીમાં ઘર ગાળો ૧ એક, ઉત્તર દક્ષિણ લાંબો આશરે ગજ ૪૦ વાડા સાથે, અને પૂર્વ પશ્ચિમ પહોળો આશરે ગજ ૭ એની પૂર્વે લાલા લખાનું ઘર, પશ્ચિમે ઝવેર હીરાનું ઘર, ઉત્તરે આગલું બારણું સરિયામ—દક્ષિણે વાડો મૂકી દેશાઇ બહેચર અંબાઇદાસના વાડાની જમીન છે.

એણી વિગતનું ઘર વાડા સાથે ભાડે રાખ્યું, તેની આ ભાડા ચીઠ્ઠી મેં મારી રાજી ખુશી અક્કલ હોંશિયારી ને બિનકેફ તનદુરસ્તિથી લખી આપી તે કબૂલ મંજૂર સહી. દા. આતમારામ શિવલાલના છે.

અત્ર.	મતુ તત્ર	શાખ.
નરહરીપંથ ત્રિષ્ણુપંથ	મતુ	માધવપ્રસાદ હરપ્રસાદ શાખ દા.
ઉપર લખ્યા પ્રમાણે સહી.		પોતે.
દા. પોતે.		વિનાયક જનાર્ધન શાખ. દા. પોતે.

વિલ (વસિયતનામું.)

હું મોહનલાલ પરભુદાસ જ્ઞાતે દશાપોરવાડ વાણીઓ છું. મારી ઉમ્મર આશરે વર્ષ ૬૦ ની છે, મારૂં રહેવાનું ઠેકાણું તાલુકે ભરૂચ ગામ મોજે ઝાડેશ્વર છે, ધંધો વ્યાજુ વગેરેનો છે. હું આ લેખથી વિલ યાને વસિયતનામાનો દસ્તાવેજ કરૂં છું; કારણ કે મારી જૈફ ઉમ્મર થઇ, ને મરવું જીવવું એ તો પરમેશ્વરના હાથમાં છે, પણ માણસની ક્ષણભંગૂર દેહનો ભરોસો નથી, તેમ મારી તબીએત સારી રહેતી નથી. માટે મારી પાછળ મારી માલ મિલ્કત

ટંટો ફિસાદ ન થાય તે માટે આ વિલપત્ર કરૂં છું, તે પ્રમાણે વહીવટ કરવાને માલીક મુખત્યાર છું.

મારે પેટે કંઇજ ફરજંદ નથી; મારા પિત્રાઇઓ છે, પણ તેઓની સાથે ઘણી લાંબી મુદત થયાં માલ મિલ્કતની વેહેચણ થઇ વિભાગ પડેલા છે, તેથી તેઓનો મારી મિલ્કતપર કાંઇ હક ઇયાને દાવો નથી. દાવો કરે તે રદ થાય સહી.

મારી સગી બેનનો છોકરો નામે પ્રાણજીવનદાસ લાલદાસ મોજે કેરવાડા તાલુકે આમોદનો તે મારી સાથે રહી મારી ચાકરી બરદાસ સારી રીતે કરે છે. તથા અત્યાર પછી પણ કરશે, તથા ખરચ પૂરો કરશે, એવો મને સંપૂર્ણ ભરોસો છે, માટે મારા ગુજર્યા બાદ સદરહુ પ્રાણજીવનદાસે મારી સ્થાવર જંગમ માલ મિલ્કતો પોતાના કબજામાં લઇ માલીકપણાના હકથી પોતાની મરજી મુજબ વહીવટ કરવો, તેમાં તેને કોઇથી હરકત થાય નહીં.

મારા ગુજર્યા બાદ મને અવલમજલ પહોંચાડી મારી ઉત્તરક્રિયાનો ખરચ રૂ. ૪૦૦) સુધી કરવો.

મારી ધણીઆણી નામે લાડકોર હાલ હયાત છે, તે જીવતાં સુધી તેની ચાકરી બરદાસ કરી ગુજર્યેથી અવલમજલ પહોંચાડી ઉત્તર ક્રિયાનો ખર્ચ રૂ ૩૦૦)સુધી કરવો.

અમારા બંનેનું વર્ષ દહાડા સુધી ન્યાતિના રિવાજ મુજબ શ્રાદ્ધ વગેરે માશી. છમાશી, વર્ષી વગેરે કરવું, અને દર વર્ષે સંવત્સરી તથા શ્રાદ્ધ કરવું.

બીજું મારે નામે ગામને પાદરે પરબ મંડાય છે, તે હમેશાં ચાલુ રાખવી, તેમાં હરકત કરવી નહીં; સદરહુ પરબ મંડાવવામાં

હરકત થાય તો મારી નીચે લખેલી સર્વે નંબર ૪૦ ની જમીનની ઉપજ જે આવે, તેમાંથી તેનો ખરચ મજકુરના ગોવિંદજી રૂદરજી તથા પ્રતાપ જેસિંગે ચલાવવો, તેમાં પ્રાણજીવન મજકુરથી હરકત થાય નહીં. સદહુ બંનોની નજરમાં આવે તો જાથુનો ઠરાવ કરી તે માણસને નામે પરબને નામે–વહીવટદાર તરીકે નામ દાખલ કરાવવું.

હમેશાં હું ગામને મહાદેવે શ્રાવણ માસમાં બ્રાહ્મણ જમાડું છું, તે પ્રમાણે પ્રાણજીવન મજકુરે હરવર્ષે બ્રાહ્મણ જમાડવા, તથા દક્ષિણા આપવી. એ ચાલ પ્રાણજીવન મજકુર કે તેના વારસોએ બંધ કરવો નહીં.

મારી ધણીઆણી લાડકોરને હરસાલ વાપરવા સારૂ તેના હયાતિ સુધી રૂ. ૧૦૦) સો આપવા; તથા જાત્રા વગેરે જવાની મરજી થાય તો યથાશક્તિ ખરચ કરી લઇ જવી.

મારી મિલ્કતો છે, તે ડિસ્ટ્રિક્ટ ભરૂચ, સબડિસ્ટ્રિક્ટ ભરૂચમાં છે.

ઘરગાળા ત્રણ રહેણીના તથા ઘરગાળા બે કોઢારૂં. મારે નામે ચાલતી સરકારી ખેડખાતાની જમીન સર્વે નંબર ૪૦, ૫૬, ૬૪, ૯૩, ૧૦૫. ગરાસની જમીન સર્વે નંબર ૧૨, ૧૭, ૧૮, વજીફાની જમીન સર્વે નંબર ૭૭.

મારે નામે ચાલતો દેશાઇગીરીનો હક રૂ ૨૮–૧૨–૬ ભરૂચને થાણેથી રોકડ મળે છે, તે મારા ગુજર્યાબાદ પ્રાણજીવનને નામે થાય સહી.

ઉપરની સ્થાવર મિલ્કત તેમજ જંગમ મિલ્કત—ચીઠ્ઠી તેમજ ખાતાની રૂઇથી જે કંઇ ચોપડા મુજબ લેણું દેણું છે તે સર્વેના વારસ મારા ભાણેજ પ્રાણજીવનદાસ લાલદાસને ઠરાવ્યા છે, અને

તે વિષેનો આ વિલ યા વસિયતનામાનો દસ્તાવેજ મેં મારી રાજી ખુશીથી, તથા અક્કલ હોંશિયારીથી તનદુરસ્તીમાં લખી આપ્યો છે, તે મારે તથા મારા વારસોને કબૂલ છે. સાલ ૧૯૬૬ ના ચૈત્ર શુદ ૫ ને વાર શની તા. ૨૭ એપ્રિલ સન ૧૯૧૦ દા. રામલાલ કસનદાસ મુખ્ત્યારના છે.

અત્ર મતુ તત્ર શાખ.

મોહનલાલ પરભુદાસ મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી. દા. પોતે.

પ્રતાપ જેશિંગ શાખ. દા. પોતે.
મહેરવાનજી શાપુરજી શાખ દા. પોતે.

[ખતના તમામ દસ્તાવેજોમાં મીતિ આરંભે આવે છે, ને આમાં છેવટે આવે છે.

બક્ષીસ નામું.

સંવત ૧૯૬૬ ના ચૈત્ર શુદ ૪ ને વાર શુક્રે તા. ૧ લી એપ્રિલ સન ૧૯૧૦ ને અંગ્રેજી દિને તાલુકે આણંદનું ગામ મોજે કરમસદના રહેનાર જીભાઇ ઝવેર જાતના લેઉઆ કણબી ઉમ્મર આશરે વર્ષ ૨૧ ની તથા નાથાભાઇ ઝવેર ઉમ્મર આશરે વર્ષ ૧૯ની જાતના લેઉઆ કણબી—ધંધો ખેતીનો—લી૦ એક ગામવાસી વાઘજી લાખાભાઇ જાતના લેઉઆ કણબી ઉમ્મર આશરે વર્ષ ૬૦ ની ધંધો ખેતીનો—જત લખી આપું છું કે તમો મારા સગા ભાણેજ થાઓછો; અને આજ ઘણા વરસ થયાં તમો મારી સાથે રહી મારી ચાકરી બરદાસ કરો છો, અને અત્સાર પછી પણ કરશો, માટે નીચે લખેલી મિલ્કત તમોને બક્ષીસ આપી તમારા કબજામાં આપી ત-

મોને સ્વતંત્ર માલીક કર્યા છે. માટે તમારી નજરમાં આવે તે રીતે વહીવટ કરવાને તમો માલીક મુખત્યાર છો.

મિલ્કતની વિગતઃ—જીલ્લે ખેડા ડિસ્ટ્રિક્ટ, સબડિસ્ટ્રિક્ટ આણંદનું ગામ મોજે કરમસદમાં ઘરગાળો ૧, રહેણીનું, કીમ્મત આશરે ૩૭૦૦) નું તથા મારા નામે સરકારી ખેડખાતાની તથા જાત ઇનામની જમીન ચાલે છે; એ જમીન ઉપર તમારે નામે મેં બદલો કરી આપેલો છે તેની વિગત;—

જાત ઇનામની સર્વે નંબર ૪૦ ની એકર ૨–૧ આકાર ૩૧૦–૨, સલામી ૩૨–૮–૬, સરકારી ખાતાની જમીન સર્વે નંબર ૩૦૦ એકર ૫–૨ આકાર ૩૨૦–૮–૭ મળી કીમ્મત આશરે ૩૭૦૦).

ઉપર મુજબની મિલ્કતો તમને બક્ષીસ આપી આ બક્ષીસ નામાનો દસ્તાવેજ મારી રાજી ખુશીથી અક્કલ હોંશિયારીથી તનદુરસ્ત સ્થિતિમા લખી આપ્યો, તે મારે તથા મારા વારસોને કબૂલ મંજૂર છે સહી.

સદરહુ મિલ્કતની કીમ્મત રૂ ૧૫૦૦), તે હાલ પણ કીમ્મત કરાવતાં એજ થાય છે. દા. કહાનદાસ ડુંગરદાસના છે.

અત્ર.	મતુ.	તત્ર.	શાખ.

વાઘજી ડાહ્યાભાઇ મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી દા. પોતે.

શંકર પીતાંબર શાખ દા. પોતે
પ્રેમાનંદ મહાશંકર શાખ દા. પોતે
બાઇ સરસ્વતિ તે જીવણલાલ અમથાની વિધવા શાખ દા. પોતે.

પાવતી (પહોંચ.)

હું નીચે સહી કરનાર ગાડાવાળો ઉકડ લલુ મારી રાજી ખુશીથી લખી આપું છું કે ટંકારીઆના સર કારકુનની ઓફિસનો સામાન વગેરે જંબુસરથી દેહેજ સુધી માઇલ ૧૫ લઇ જતાં મારી બે ગાડીનો ખરચ સરકાર દસ્તુર મુજબ રૂ ૧-૬-૬ થયો, તે મને રોકડે રોકડા તે ખાતાના હવાલદાર જમાલશીંગ રામશીંગ મારફતે મળ્યા, તે લઇ આ પહોંચ લખી આપી છે; તે કબૂલ મંજૂર સહી. તા. ૪-૧-૯૩.

ગાડાવાળા ઉકડ લલુ સહી દ. પોતે.

[ઉપર મુજબ ફકત સહેજ નમુનો છે. પણ એજ રીતના મથાળાથી સંસાર વ્યવહારમાં ઘણી રીતની પાવતીઓ લખાય છે. રૂ૨૦) કરતાં વધારે મળ્યાની પાવતીપર રિવાજ મુજબ એક આનાની ટિકિટ મારી બાદ તેપર લખી આપનારની સહી થવી જોઇએ.]

પહોંચ.

આપવામાં આવે છે કે પટેલ રામા પરસોતમ પોતાના કરજ પેટે રૂ. ૪૫) અંકે પીસ્તાળીશ પોલીઆ આજરોજ એટલે તારીખ ૨૫-૪-૧૯૧૦ને રોજ આપ્યાં છે તે લઇ આ પહોંચ લખી આપી તે કબૂલ મંજૂર સહી.

ભવાનીનારાયણ હરનારાયણ દા. પોતે

[વીસ રૂપીઆની ઉપર રકમ હોય ત્યારે નીચે એક આનાની ટિકિટ ચોડી બાદ સહી કરવી.]

માલનો કબાલો.

સંવત ૧૯૬૬ના માગશર વદ ૨ વાર ગુરૂ શા. ભૂધરચંદ ભગવાનદાસ રહેવાશી સુરત શાહેરના સગરામપરાના જોગ લી૦ કસ્બે બારડોલીના પટેલ રામા ઉકા જત આજરોજ તમને માલ દેવો કર્યો છે તેની વિગત:—

જુવાર ગાલ્લી ૫૧ દર ગાલ્લી ૧ ના રૂ ૩૬) અંકે છત્રીશ લેખે.

તુવેર ગાલ્લી ૭ દર ગાલ્લી ૧ ના રૂ ૪૫) લેખે.

ગોળ મણ ૧૭૫) દર મણના રૂ ૨॥= લેખે.

કપાસ બાર ૨૧ દર ભારના રૂ ૯૭) લેખે.

એણી વિગતે માલ તમને સુરત શાહેરમાં તમારા ઘર આગળ ચાલુ સાલના વૈશાખ સુદ ૩ ને રોજ આપવો ઠરાવ્યો છે, અને તે પેટે રૂ ૯૨૫) અંકે નવસેં પચ્ચીસ રોકડા બાનામાં લીધા છે. બાકીની કિમ્મત માલ આપતાં લેવી કરી છે. હસ્તે દલાલ ચૂનીલાલ કહાનદાસ

અત્ર મતુ તત્ર શાખ

પટેલ રામા ઉકા મતુ
ઉપર લખ્યા પ્રમાણે
સહી દા. પોતે.

નેમચંદ શિવચંદ
શાખ દા. પોતે.
ગુલાબભાઇ રઘનાથજી
શાખ દા. પોતે.

૫૭

કરજાઉ ખત.

સંવત ૧૯૪૮ના મહા શુદ ૨ અંગ્રેજી તારીખ ૨૪ મી ડીસેમ્બર ૨ સન ૧૮૯૨ ને વાર શુક્રે સુરત વાડીફળીઆના રહેનાર શેઠછોટુભાઇ માકુભાઇ ગ્નાતે મોઢ વાણીયા, ઉમ્મર વર્ષ ૪૫ ની ધંધો વ્યાજુનો જોગ લી૦ શેહેર મજકુરની કોટસફીલના રહેનાર જમાદાર નશીરૂદ્દીન ઉમ્મર વર્ષ ૫૨ ની ધંધો સરકારી નોકરીના પેનશનનો, જત અમોએ આજરોજ તમારી પાસેથી નગદ રોકડા રૂ ૫૦૧) અંકે પાંચસેં એક હમોએ ઘર બંધાવવું શરૂ કર્યું છે, તે કામમાં વાપરવા સારૂ લીધા તે દેવા. દેશપરદેશ દેવા જયાં તમો ધણી માગો ત્યાં દેવા. એ રૂપીઆનું વ્યાજ માસ ૧ શત ૧ તેરીખ ટકા ૦॥। આનાબાર લેખે ચડે, તેના વ્યાજ સાથે તેમજ જે વર્ષમાં અધિક માસ આવે તેના વ્યાજ સાથે ફેરવણી સહિત આપવું. રૂપીઆ મુદ્દલ વ્યાજ સાથે તમો શાહુકાર માગો તે વખત આપતાં હરકત કરીએ, ને તમારે ફરિયાદ કરવી પડે તેના ખરચ સાથે આપવા સહી. આ કરજાઉ ચીઠ્ઠી રૂપીઆ રોકડા લઇ મારી રાજીખુશીથી પૂર્ણ તનદુરસ્તિમાં લખી આપી છે, તે મને મારી જાતને તથા તમામ મારી મિલકતને તેમજ મારા વંશવારશીને રૂપીઆ વ્યાજ સાથે ને ફરિયાદ કરવી પડે તેના ખરચ સાથે ચૂકવી આપીએ ત્યાં સુધી બંધન કર્તા છે. દા. કહાનદાસ મંછારામના છે.

અત્ર. મતુ	તત્ર શાખ.
જમાદાર નશીરૂદ્દીન અલ્લાઉદ્દીન	જીવણભાઇ દયાળભાઇ શાખ
મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી	દા૦ પોતે. જાનમહંમદભાઇ
દા. પોતે.	હુસેનભાઇ શાખ. દા. પોતે.

[કરજાઉ ચીઠ્ઠી સ્ટાંપ એકટ મુજબ યોગ્ય સ્ટાંપપર લખેલી જોઇએ.]

[કરજાઉ ચીઠ્ઠી ન લખી આપતાં ઘણાક દેણદારો શાહુકારને રૂપિઆ લેતાં એક આનાની ટિકિટપર સામા દસ્કતનું ખાતું પાડી આપે છે તેનો નમુનો].

ગામ કંબોલા તાલુકે સાવલીના રેહેનાર શામળભાઇ જીભાઇ તથા શંકરભાઇ શામળભાઇનું ખાતું સંવત ૧૯૬૬ ના પોશ વદ ૩ અંગ્રેજી તારીખ ૨ જી જાનેવારી સન ૧૯૧૦.

જ	ઉ
	૧૫૧) નગદ રોકડા રૂ ૧૫૧) અંકે એકસો એકાવન કલદાર પોળીઆં દેવા સહી. મીતિ પોસ વદ ૩ સંવત ૧૯૬૬ ટીકીટ. શામળભાઈ જીભાઇ સહી દા. પોતે. શંકરભાઇ શામળભાઇ સહી દા. પોતે.

(નગદ રોકડા નહીં હોય, ને હિસાબ સમજી ખાતું પાડયું હોય, બાકી ખાતા ઉપલાના હિસાબ સમજી કાઢયા તે દેવા. એવા ખાતાપર નીચે એકાદ જણાની સાક્ષી જોડે કરાવવી.)

કાંધા ખત.

સંવત ૧૯૬૬ના પોસ સુદ ૨ અંગ્રેજી તારીખ ૨૧ મી ડીસેમ્બર સન ૧૮૯૯ ને વાર ભોમે તાલુકે વલસાડના રેહેનાર દેશાઇ લલ્લુભાઇ મોહોનભાઇ ગ્નાતે અનાવલા બ્રાહ્મણ ઉમ્મર આશરે વર્ષ ૪૮ ની ધંધો વ્યાજુનો. જોગ લી૦ તાલુકે મજકુરનું ગામ મોજે ચીખલાનું ફળીઉં કાંપરીના રેહેનાર ઢોડીઆ નાણીઆ જગલા ઉમ્મર આશરે વર્ષ ૩૫ ની, ધંધો ખેડૂતનો. જત તમો મારી પાસે સામા દસ્કતના ખાતાની રૂએ ઘણી મુદત થયાં રૂપીઆ માગો છો, તે ખાતાનો હિસાબ કરી મારી ખુશીથી નીચે મુજબનો આંકડો રૂ ૨૬૧) નો ઠર્યો, તેનાં પાંચ કાંધા બાંધી આપ્યા છે.

૫૨) સંવત ૧૯૬૨ ના ચૈત્ર શુદ ૨ ને દિને ભરવા.
૫૨) ,, ૧૯૬૩ ,,
૫૨) સંવત ૧૯૬૪ ના ચૈત્ર શુદ ૨ ને દિને ભરવા.
૫૨) ,, ૧૯૬૫ ,,
૫૩) ,, ૧૯૬૬ ,,

ઉપરની મુદતસર કાંધા મુજબ રૂપીઆ ભરવા સહી. ને મુદત ચૂકું તો ચઢતા મુદલનું માસ ૧ શત ૧ તેરીખ ટકા ૧।। દોઢ મુજબ વ્યાજ સાથે ભરવા સહી. ફરિયાદ કરવી પડે ફરિયાદના ખરચ સાથે ભરવા સહી. તેમ ત્યાર પછીનાં જે ખાધાં કર્યાં હોય તે રદ થઇ સામટા રૂપીઆ તમે એકે વખત ચૂકવી લેવાને માલીક મુખ્ત્યાર છો, આ કાંધાખત મેં મારી રાજીખુશીથી અક્કલ હોશિયા-

રી ને બિનકેફ તનદુરસ્તિથી લખી આપ્યું તે કબુલ મંજૂર સહી દા. કીકાભાઇ લલ્લુના છે.

અત્ર. મતુ	તત્ર શાખ.
×ઢોડીઆ નાણીઆ જગલાનું નિશાન–ધણી રજુ મતુ ઉપર પ્રમાણે સહી દા. રઘનાથજી નથુભાઇના છે.	દેશાઇ લાલભાઇ હરજી શાખ દા. પોતે.
	પટેલ મકલા વજીરીઆ શાખ દા. પોતે.

એ ઉપરાંત કરાર, દત્તકપત્ર, મુખ્ત્યારનામું, તલાકનામું, શાનગીરો, સેટ્લમેન્ટ, ખોરાકીનો દસ્તાવેજ, ઇજારપટો, ભરતીઉં માલનો કબાલો, વગેરે દસ્તાવેજો તથા હુંડી; પૈઠ, સતમી, વગેરે કાગળો લેખાવળીના ગ્રંથમા આવી શકે, પણ તે વિષય છઠ્ઠા ધોરણમાં ઉપયોગી હોવાથી પાંચમા ધોરણને ઉપયોગની આ નાની ચોપડીમાં લખવું બંધ રાખ્યું છે.

સમાપ્ત.

[illegible]

. સર્વેને ખબર આપવામાં આવે છે કે નીચે લ
ા સુરત નાણાવટ મધ્યે મી૦ કરસનદાસ નારણ
રની દુકાને મળશે.

રૉયલ પ્રિમરના મીનીંગ
રૅાયલ રીડર ન ... ા મીનીંગ આવૃત્તિ ચોથી ૦
ા મીનીંગ (લોકહિતેચ્છુ
વગરના ઘણા સારા. ૦ ૮ ૦
૩ના મીનીંગ ૦ ૧૦ ૦
હાસ-સાર (આવૃત્તિ સોળમી) ૦ ૧૦ ૦
ી આવૃત્તિ ચોથી.... ... ૦ ૪ ૦
૧ મીનીંગ ૦ ૫ ૦
૩ના મીનીંગ.... ... ... ૦ ૮ ૦
ાઇમરના મીનીંગ ૦ ૪ ૦
મીનીંગ ૦ ૧૨ ૦
લ ઍરિથમેટીક ૦ ૧૨ ૦

બીજી બધી શાળાપયોગી ચોપડીઓ
ફર્સ્ટથી થર્ડ સુધીના તથા નેલસન ઇન્ડિયન
ા એ દુકાનેથી મળશે. જથાબંધ લેનારને
આપવામાં આવશે.